ધંધુકા શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયદ્વારા પ્રકાશિત

ગ્રંથમાળા.

ગ્રંથ રત્ન ૧

શ્રીમદ્ગો. સ્વામિશ્રીહરિરાયજીકૃત.

# પ્રતિવાદ.

પ્રગટ કરનાર.

**તુળશીદાસ લલ્લુભાઈ.**

શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી.

ધંધુકા.

ન્યોછાવર અઢી આના.

# પ્રસ્તાવના.

આ સંપ્રદાયના આચાર્ય શ્રીમદ્ ગોસ્વામી શ્રી હરિરાયજીએ આશરે ત્રણસો ગ્રંથો મનન કરવા લાયક રચ્યા છે. તેઓશ્રીના હસ્તલિખિત ગ્રંથો પૈકીના જે મળી આવ્યા તે બૃહત્સ્તોત્ર સરિત્સાગરના દ્વિતીય ભાગમાં યદુવંશીય પુસ્તકાલયના માલિક શ્રીયુત્ ગોવર્દ્ધનદાસ લક્ષ્મીદાસે થોડા વર્ષ ઉપર પ્રસિદ્ધ કર્યા છે. આ શિવાય શ્રી હરિરાયજીના ઘણા ગ્રંથો હજુ સુધી છપાયા નથી. બ્રહ્મવાદ નામનો ગ્રંથ તેઓ શ્રીએ રચ્યો છે અને તે ઉપર પુષ્ટિ માર્ગના પંડિતવર્ય ગોપાળ ભટે સંસ્કૃતમાં ઘણીસારી ટીકા લખી છે. બ્રહ્મવાદ ટીકા સાથે અત્યાર સુધી છપાયો નહીં હોવાથી કાશીના સુપ્રસિદ્ધ છાપખાના તરફથી હાલમાં તે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અને તેનું ન્યોછાવર છ આના રાખવામાં આવ્યું છે. આ છાપખાનાના માલિક સાથે પત્ર વ્યવહાર ચલાવતાં તેમણે એવી ઇચ્છા જણાવીકે જો આ પુસ્તકની પાંચસો નકલો એકી વખતે કોઇ ગ્રહસ્થ ખરીદ કરવાના હોયતો ઓછા ભાવથી તે આપવામાં આવશે. આવો અપૂર્વ અને સિદ્ધાન્તોથી ભરપુર ગ્રન્થ થોડી કિંમતે જીજ્ઞાસુ સાક્ષરોને આપી શકાય તે હેતુથી પાંચસો પ્રતો ટીકા સાથેની આ છાપખાના પાસેથી ખરીદ કરી લેવામાં આવી છે અને તેનું ન્યોછાવર ફક્ત બે આના રાખવામાં આવેલ છે.

આ ગ્રન્થ ધંધુકાના પુષ્ટિ માર્ગીય પુસ્તકાલય તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે અને તેનું જે ન્યોછાવર આવશે તે પુસ્તકાલયના ફન્ડમાંજ જમા થવાનું છે. આવા પ્રકારનું પુસ્તકાલય ધંધુકા જેવામાં અવશ્ય સ્થાપવું જોઇએ એવા વિચારને ગોસ્વામિશ્રી બાલકૃષ્ણ લાલજી માહારાજ શ્રી એ સંપૂર્ણ અનુમોદન આપવાથી મરહુમ શ્રીયુત્ પટવારી વ્રજલાલ શામળદાસે પાંચસો રૂપીયા આ કાર્ય માટે અર્પણ કરેલા છે. પુસ્તકોમાં જરૂર જેટલી રકમ રોકતાં બાકીના વધારાની રકમમાંથી દ્રવ્ય અર્પણ કરનારે પુષ્ટિ માર્ગના ગ્રન્થો પ્રસિદ્ધ કરાવવા ઇચ્છા જણાવ્યાથી આ ગ્રન્થ પ્રસિદ્ધ કર-

વામાં આવેલ છે. અને પ્રભુ ઈચ્છાતો આ ફન્ડમાંથીજ આ સંપ્રદાયના અન્ય ગ્રન્થો પણ પ્રસિદ્ધ થતા રહેશે.

પટવારી વ્રજલાલભાઈની વૈષ્ણવતા અને તેમનો દાસભાવ આખા કાઠિઆવાડ તથા ગુજરાતમાં એવાં મશહુર છે કે તે વિષે વિસ્તારથી આ સ્થળે લખવાની જરૂર નથી. ટુંકામાં એટલું ઇચ્છીએ છીએ કે આ સંપ્રદાયમાં તેમના જેવા સંખ્યાબંધ વૈષ્ણવો વૈષ્ણવ ધર્મનું સેવન કરી કૃતાર્થ થાય.

આ પુસ્તક છાપતાં તેમાં ઘણી ભુલો રહીગઇ છે. તેના માટે વાંચક વૃન્દની ક્ષમા માગવામાં આવે છે. બીજી આવૃત્તિમાં અને આ ફંન્ડમાંથી અન્ય ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં આવશે તેમાં આવી અને આટલી ભુલો ન રહે તેને માટે ખાસ કાળજી રાખવામાં આવશે.

છેવટ તમામ વૈષ્ણવોને અમારી નમ્ર વિનંતી છે કે વ્યવસાયમાંથી વખત બચાવી આ સંપ્રદાયના ગ્રન્થોનું કૃપા કરી અવગાહન કરવામાં આવશે તો શુદ્ધાદ્વૈતના સિદ્ધાંતો ઉત્કૃષ્ટ હોવાનો તેમનો નિશ્ચય થવાની સાથે પ્રભુમાં દૃઢભાવ સિદ્ધ થશે અને તેઓ સદાચારમાં પ્રવૃત્ત રહેશે.

છેલ્લા ત્રણ ચાર વર્ષમાં ગુજરાતના ઘણા શહેરોમાં પુષ્ટિ માર્ગીય પુસ્તકાલય સ્થાપવામાં આવેલ છે તે ખુશી થવા જેવું છે. આવી સંસ્થાઓના નેતાઓ તરફથી પણ આ સંપ્રદાયના સિદ્ધાન્તોના પ્રસિદ્ધ નહીં થયેલ ગ્રન્થો તરજુમા સાથે પ્રસિદ્ધ કરવાની યોજના કરવામાં આવશે તો તેથી સંપ્રદાયના સાહિત્યમાં વૃદ્ધિ થશે અને આ સંપ્રદાયની ઉન્નતિ થશે.

આ ગ્રન્થનું ટીકા સાથે ભાષાંતર ધંધુકાના પુષ્ટિમાર્ગીય શાસ્ત્રી વાસુદેવ તથા રા. મોહનલાલ દુલભદાસે કરેલું છે અને તે રા. કેશવલાલ બાપાલાલ બી. એ. તપાસી ગયા છે. તેઓએ લીધેલ શ્રમ માટે આભારની લાગણી પ્રદર્શિત કરવાની રજા લઉં છું.

ધંધુકા.
તા. ૨૬-૭-૨૧

દાસાનુદાસ.
તુળશીદાસ લલુભાઇ.
શ્રી ધંધુકા પુષ્ટિ માર્ગીય પુસ્તકાલયના તંત્રી.

**श्रीकृष्णाय नमः**

**श्री गोपीजन वल्लभाय नमः**

**श्री गोपाल कृष्ण भट्ट विरचित विवरणाख्य टीकासमलंकृत**
**गोस्वामि श्री हरिरायजी महाराज विरचित**

# બ્રહ્મવાદ.

હવે માહાત્મ્યજ્ઞાનની ઉત્પત્તિના હેતુરૂપ હોવાથી ભક્તિમાર્ગને વિષે જે બ્રહ્મવાદને અનુકુલ કહેલ છે, તે બ્રહ્મવાદ કયો? આના વિષે વિચાર કરવામાં આવે છે.

"હવે" (अथ) શબ્દ મંગલાર્થે છે. "ॐ" અને "अथ" બન્ને શબ્દો પૂર્વે બ્રહ્માના કંઠને ભેદીને નીકળેલા છે, તેથી તે બન્ને શબ્દો માંગલિક છે.

"આના વિષે" (इदम्) શબ્દથી બુદ્ધિમાં રહેલું અને આગળ ઉપર વક્ષ્યમાણ બહુ વાક્યના સંદર્ભરૂપ શાસ્ત્ર વિવક્ષિત છે. તેથી શિષ્યના બોધ માટે ગ્રંથના આરંભમાં "अथ" શબ્દથી મંગલા-ચરણ પૂર્વક, "इदम्" શબ્દથી વિવક્ષિત શાસ્ત્રને વિચારના વિષયરૂપ કરવામાં આવે છે.

શંકા સમાધાન દ્વારા પોતાનો મત પ્રકટ કરવા સારૂ શ્રી હરિરાયજી પ્રથમ શંકા દર્શાવે છે કે "આ બ્રહ્મવાદ કયો.?"

"ભક્તિમાર્ગ" તેમાં "ભક્તિ" અને "માર્ગ" આ બે શબ્દો છે. તેમા "માર્ગ" શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે.

" मृग्यते पुरुषोत्तमोऽनेन श्रवणादिनवकेनेति श्रवणादि साधनानुष्ठानात्मको मार्गः ॥ "

શ્રવણ જેમાં આદિ છે એવી નવ પ્રકારની ભકિતથી પુરૂષોત્તમનું શોધન કરવામાં આવે છે, એટલે, શ્રવણાદિ સાધનનું જેમાં અનુષ્ઠાન કરવામાં આવે છે, તે માર્ગ. ભકિત એજ ઉપરોકત માર્ગ છે, તેથી તે ભકિતમાર્ગ કહેવાય છે. આ ભકિતમાર્ગની વ્યુત્પત્તિ કરતાં અત્ર સાધન ( શ્રવણાદિ સાધન) પદ મૂકેલું હોવાથી આ માર્ગમાં પુષ્ટિમાર્ગની ઉપપત્તિ થઈ શકતી નથી. એમ ન સમજવું. કેમકે આ પુષ્ટિમાર્ગમાં (તો) ફલ અને સાધનની એકતા સ્વીકારેલ છે. ( પુષ્ટિમાર્ગીય ) ફલ તથા સાધનમાં સર્વત્ર પ્રેમજ અનુસ્યૂત છે; તે બાબત આગળ કહેવામાં આવશે.

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

(त. दी. नि. १–४९ )

માહાત્મ્યજ્ઞાનપૂર્વક, સુદૃઢ અને સર્વથી અધિક એવો જે સ્નેહ તે ભકિત કહેવાય છે. તે ભકિતથીજ મુકિત થાય છે, અન્યથા થતી નથી.

ઉપર કહેલ (સુદૃઢ અને સર્વથી અધિક) માહાત્મ્ય જ્ઞાનપૂર્વક જે સ્નેહ છે, તે રસરૂપ છે; કેમકે વિભાવ, અનુભાવ, વ્યભિચારિ, સાત્વિક વિગેરે ભાવોનુ અનુસરણ સ્નેહમાં થઇ શકે છે. આ સ્નેહ રસરૂપ હોવાથી, ભકિતનું પણ રસત્વ સિદ્ધ થાય છે; તેથી ભકિતમાર્ગ એટલે ભકિતરસમાર્ગ એવો અર્થ થાય છે.

અન્ય સ્નેહોથી આ સ્નેહની વ્યાવૃત્તિ દર્શાવવા " માહાત્મ્યજ્ઞાનપૂર્વક ", એ પદ સ્નેહના લક્ષણમાં મૂકવામાં આવ્યું છે. તેથી માહાત્મ્યજ્ઞાનપૂર્વક, સુદૃઢ, સર્વથી અધિક સ્નેહને ભકિત કહે છે. આ (પ્રકારની) ભકિતથીજ મુકિત થાય છે, એમ ઉપર કહેવામાં આવ્યું છે.

"सा परानुरक्तिरीश्वरे" એમ શાંડિલ્ય સૂત્રમાં પણ કહ્યું છે. શ્રી ઇશ્વરને વિષે જે શ્રેષ્ઠ આસક્તિ તેજ પરમ ભક્તિ કહેવાય છે. ફલની ઇચ્છા નહિં રહેતી હોવાથી આ (નિષ્કામ) ભક્તિજ શ્રેષ્ઠ છે.

અત્ર જે ભક્તિ રસ કહેલ છે, તે અન્યરસોનો ઉપલક્ષક છે, તે રસોમાં પણ શૃંગારરસ પ્રશસ્ય હોવાથી શૃંગારરસજ પોતાને અભીષ્ટ છે. અન્યરસો તો શૃંગારરસના અંતર્ગત રહેલા છે, અને તેમનું રસત્વ પણ અંતર્ગત હોવાથીજ છે. જો તેમ ન માનીએ તો "रसं ह्येवायं लब्ध्वाऽऽनंदी भवति॥" આ (જીવ) રસ પ્રાપ્ત કરીને આનંદી (આનંદવાળો) થાય છે, ઇત્યાદિ શ્રુતિમાં રસની પ્રાપ્તિને આનંદના ફલરૂપ કહેવામાં આવેલ હોવાથી તે શ્રુતિઓ સાથે વિરોધ પ્રાપ્ત થશે. કેમકે ભયાનક વિગેરે રસોની પ્રાપ્તિથી આનંદ મળતો નથી તેથી આનંદના અભાવે તે ભયાનકાદિનું રસત્વજ ઘટી શકતું નથી.

એ રીતે "रसोवैसः" (તૈ. ૨-૭. ) તે રસ રૂપ છે તથા **सर्वरसः** (છાં. ૩–૧૪–૨ ) તે (આત્મા) સર્વરસ રૂપ છે આ શ્રુતિથી સિદ્ધ થાય છે કે શૃંગાર રસરૂપ પુરૂષોત્તમ સબંધી જ્ઞાનપૂર્વક સ્નેહ જે માર્ગમાં વિષયરૂપ છે, તે માર્ગને ભક્તિમાર્ગ કહેવામાં આવે છે.

"ભક્તિમાર્ગ" એમાં જે "માર્ગ" શબ્દ લખ્યો છે, તે હેતુ પુરઃસર છે. આ માર્ગ સરણિરૂપ નથી પણ રાજ માર્ગ છે. અન્ય માર્ગોમાં અત્યંત શ્રમથી સાધી શકાય એવા શમ દમ વિગેરે સાધનોનો ક્રમ અપેક્ષિત છે. પણ અત્ર રાજમાર્ગમાં તો જેમ સહેલાઇથી ગમન થાય છે, અને ચોર વિગેરેના ભયનો અભાવ હોય છે, તેમ આ ભક્તિ માર્ગમાં પણ ભયનો અભાવ છે, અને પુરૂષોત્તમની પ્રાપ્તિ અનાયાસે કરી શકાય છે. આ ઉપરથી પતન ભયનો પણ અભાવ સૂચવાય છે.

શ્રીમદ્ ભાગવતમાં દશમ સ્કંધમાં ગર્ભસ્તુતિ વિષે જણાવેલ છે કેઃ—

तथा न ते माधव तावकाः क्वचिद्
भ्रश्यन्ति मार्गात् त्वयि बद्धसौहृदाः ॥
त्वयाऽभिगुप्ता विचरन्ति निर्भया
विनायकानीकपमूर्द्धसु प्रभो ॥

(ભાગવત ૧૦-૨-૩૩)

અર્થ- હે માધવ તમારે વિષે જેમણે સ્નેહ બાંધેલો છે એવા તમારા ભક્તો કદાપિ માર્ગથી ભ્રષ્ટ થતા નથી; પણ તમારાથી રક્ષણ કરાએલા અને નિર્ભય તે ભક્તો વિઘ્ન કરનારાઓની સેનાઓના પતિઓના મસ્તક ઉપર ફરે છે. વળી એકાદશ સ્કંધના દ્વિતીય અધ્યાયમાં પણ કહ્યું છે કે,

यानास्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित् ।
धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥

અર્થ- હે રાજન જે (ભાગવદ્ ધર્મ) નો આશ્રય કરવાથી પુરુષ કોઇ વખતે પણ પ્રમાદ કરતો નથી; બન્ને નેત્ર, બંધ કરીને દોડે તોપણ તેને સ્ખલન થતું નથી, તેમજ પડતો પણ નથી. (એવો આપના આશ્રયનો પ્રભાવ છે) આ હેતુથીજ શ્રી આચાર્યચરણ (શ્રીમદ્ વલ્લભાચાર્ય) વદે છે કે,

अत्रापि वेदनिन्दायामधर्मकरणादपि ।
नरके न भवेत्पातः किन्तु हीनेषु जायते ॥

त-दी-नि २-१-३

જેમાં પ્રથમથી તે અવધિ પર્યંત દુઃખના લેશ વિનાની સુખરૂપતા છે તે ભક્તિમાર્ગ છે એવો સિદ્ધાન્ત છે.

ભક્તિ શબ્દનો યૌગિક અર્થ નીચે પ્રમાણે છે.

भज् ધાતુ સેવાનો અર્થ દર્શાવે છે. તે ધાતુને ભાવ અર્થમાં क्तिन् પ્રત્યય લગાડવાથી भक्ति એવો શબ્દ સિદ્ધ થાય છે. ભાવ એટલે ક્રિયાનું સામાન્યપણું. પ્રકૃતિ (ધાતુ) અને પ્રત્યય એ બંન્ને સાથેજ અર્થને સૂચવે છે; પણ તેમાં પ્રત્યય અર્થનું સૂચન પ્રધાનપણે કરે છે. આ પ્રમાણે વ્યાકરણશાસ્ત્રનો નિયમ હોવાથી ધાતુના અર્થથી અભિવ્યક્ત થતી જે પ્રધાનભૂત ક્રિયા છે, તો તે (ભાવ) માં પર્યવસાન પામે છે અને પ્રધાનભૂત ક્રિયા માનસી જ છે. કેમકે अन्यत्रमना अभूवं नाऽश्रृणवम्, अन्यत्रमना अभूवं नादर्शम्. ( बृ. १.५.३.) "મારૂં મન અન્ય સ્થાને હતું, તેથી મેં સાંભળ્યું નહિ; મારૂં મન અન્ય સ્થાને હતું, તેથી મેં જોયું નહિ." એ વાજસનેય શ્રુતિમાં મનનું પ્રાધાન્ય શ્રવણ થતું હોવાથી, મનની ક્રિયાનું જ પ્રાધાન્ય માનવું ઉચિત છે.

એ રીતે સેવા (શબ્દ) થી અભિવ્યક્ત થતી પ્રેમરૂપ માનસી સેવા તે ભક્તિ છે, એવો યોગરૂઢ અર્થ સિદ્ધ થાય છે. તથા શ્રવણાદિ નવ (ભક્તિ)ને વિષે પણ ભક્તિ પારિભાષિક છે. કેમકેઃ-

श्रवणं कीर्तनं, विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।
इति पुंसाऽर्पिता विष्णौ भक्तिश्चेन्नव लक्षणा ।

( भागवत ७-५-२३ ).

અર્થઃ- વિષ્ણુનાં શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. આ પ્રમાણે નવ પ્રકારની ભક્તિ ભગવાન્ વિષ્ણુને વિષે જો અર્પણ કરવામાં આવે (તો તે ભણેલું ઉત્તમ છે, એમ હું માનું છું.) એમ શ્રીમદ્ ભાગવતમાં સપ્તમ સ્કંધમાં પ્રહ્લાદનું વાક્ય છે.

કેટલાક લોકો ભકિત શબ્દનો પ્રયોગ ઉપાસનાના અર્થમાં પણ કરે છે. નૈયાયિક લોકો જે જ્ઞાન આરાધ્ય હોય છે, તેને ભકિત કહે છે. પણ શ્રીમત્ કપિલ દેવ શ્રવણાદિ નવ ભકિત સાત્વિકાદિ ભેદથી ત્રણ પ્રકારની છે, એમ કહે છે. અને ફરીને મિશ્રિત ભેદથી ત્રિવિધ ભકિતના ત્રણ ભેદ કરવાથી નવ પ્રકારની ભકિત થાય છે. અને નવ પ્રકારની ભકિતના નવ નવ ભેદ કરવાથી એકાશી પ્રકારની સગુણ ભકિત થાય છે એમ કહે છે.

( અન્ય મતવાળા આમ ભકિત શબ્દનો જુદો જુદો અર્થ કરે છે ) પણ સિદ્ધાંતમાં તો ભકિતનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

**अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी ।**
**जरयत्याशु या कोशं निगीर्णमनलो यथा ॥**

ભા-૩-૨૫-૩૩.

અર્થઃ- નિમિત્ત ( પ્રયોજન ) વિના કરવામાં આવતી ભગવાનની ભક્તિ ( અણિમાદિ યોગ ) સિદ્ધિ કરતાં પણ શ્રેષ્ઠ છે; કેમકે ખાધેલા અન્નને જેમ જઠરાગ્નિ દહન કરે છે, તેમ આ લિંગ શરીરનું તરતજ દહન કરે છે.

નિષ્કામપણું અને લિંગ શરીરનું દહન-એ બે સ્વરૂપ-લક્ષણ અને કાર્ય લક્ષણથી નિર્ગુણ ભકિતને શ્રેષ્ઠ કહેવામાં આવી છે. નારદપંચરાત્રમાં અને શાંડિલ્ય સૂત્રમાં જે ભકિત કહી છે, અને યોગરૂઢ ( भज् ) શબ્દથી જે ભકિત સમજાય છે, તે માનસી સેવારૂપજ ભકિત અત્ર વિવક્ષિત છે, એવું તાત્પર્ય છે. આજ કારણથી:-

**चेतस्तत्प्रवणं सेवा, मानसी सा परा मता.**

( सि. मु. १-२- ).

"ચિત્તનું ભગવાનમાં પ્રવણ ( પ્રવેશન ) કરવું, તેને સેવા કહે છે; અને તે સેવામાં પણ માનસી સેવા શ્રેષ્ઠ છે." એમ શ્રી આચાર્યચરણ વદે છે.

ભકિત એટલે ભગવાનનું ભજન, અને ભજન એટલે આ લોક તથા પરલોકના ફલની નિરાશા પૂર્વક ભગવાનમાં મનને પ્રપણ કરવું તે ( ગો. તા. ઉ. ૭૯૨ ) શ્રુતિ તથા પુરાણમાં પણ કહેલું છે કેઃ—

**परो हि योगो मनसः समाधिः**

મનની સમાધિ એજ શ્રેષ્ઠ યોગ છે.

આ પ્રકારના ( ચિત્તની એકાગ્રતાવાળા ) ભકિતમાર્ગમાં "બ્રહ્મવાદ" ભગવાનના માહાત્મ્યજ્ઞાનને ઉત્પન્ન કરનાર હોવાથી અનુકુલ છે એમ કહ્યું છે. જેનો આત્મા--શરીર મહાન્ છે, તે મહાત્મા કહેવાય છે. આ મહાત્મા તે બ્રહ્મજ છે. કેમકે **बृंहत्त्वाद् ब्रह्म** ( તે મહાત્માનું ) શરીર વ્યાપક હોવાથી ( તે ) બ્રહ્મ કહેવાય છે. એવું વાકય શાસ્ત્રમાં છે, માહાત્માનો ભાવ તે મહાત્મ્ય, અને માહાત્મ્યનું જે જ્ઞાન તે માહાત્મ્યજ્ઞાન એટલે કે માહાત્મા જે બ્રહ્મ તેના મહિમાનું જ્ઞાન તે માહાત્યજ્ઞાન. કહેવાય છે.

માહાત્મ્યજ્ઞાનની ઉત્પત્તિમાં હેતુરૂપ હોવાથી "બ્રહ્મવાદ" ને ભકિતમાર્ગમાં અનુકુલ માન્યો છે. માહાત્મ્યજ્ઞાનરૂપજ બ્રહ્મજ્ઞાન, ભકિતનું પુરોવર્તિ એટલે અવશ્ય પુરોવર્તિ હોવાથી, ભકિતનો હેતુ છે. વળી કારણનો અભાવ હોય ત્યાં કાર્યનો ( પણ ) અભાવ હોય, આવો ન્યાય છે; તેથી ભકિતના વિષયરૂપ ભગવત્ સ્વરૂપનાજ જ્ઞાનના અભાવથી ભકિતનીજ ઉપપત્તિ થઇ શકતી નથી. એટલાજ માટે બ્રહ્મજ્ઞાનને ભકિતમાર્ગમાં અનુકુળ માનેલ છે. અર્થાત્ તે ભકિતમાર્ગનું જનક છે, તેથી તે ભકિતમાર્ગમાં અનુકુલ છે, એમ કહેલ છે. તે ભકિતમાર્ગનો હેતુ છે માટેજ તે અનુકુલ છે. અથવાતો તે બ્રહ્મજ્ઞાન ભકિતનું સહકારિ છે, તેથી પણ તેની આ માર્ગમાં અનુકુળતા ગણાય છે.

માહાત્મ્યજ્ઞાનની ઉત્પત્તિના હેતુરૂપ અને અનુકુળ. આમાં "અને" એવો શબ્દ મુળમાં લખ્યો નથી તોપણ તે "અને"

સામક બ્રહ્મજ્ઞાન ભકિતમાર્ગને વિષે માહાત્મ્યજ્ઞાનના હેતુરૂપ અને અનુકુળ છે. એમ બન્ને અર્થનો સમુચ્ચય બતાવે છે, કારણકે "અને" એવો શબ્દ નહોય તોપણ સમુચ્ચય થાય છે, એ મહાભાષ્યનું પ્રમાણ વાક્ય છે.

આ પ્રમાણે ભકિતમાં માહાત્મ્યજ્ઞાનને અર્થે ભગવાનના જ્ઞાનની આવશ્યકતા છે; અને પ્રેમ-સ્નેહ દૃઢ થવા માટે માહાત્મ્યજ્ઞાનની આવશ્યકતા છે હવે માહાત્મ્ય અને જ્ઞાન એટલે શુ ? તેમાં પ્રથમ જ્ઞાનનો અર્થ નિચે પ્રમાણે છે.

जन्माद्यस्य यतः। (બ્ર સૂ ૧ ૧-૨). જે (બ્રહ્મ)ના થકી આ જગતની ઉત્પત્તિ. સ્થિતિ અને લય થાય છે; यतो वा इमानि भूतानि। (તૈ ૩-૧.) જે (બ્રહ્મ)ના થકી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, વિગેરે. सत्यं ज्ञानमनन्तं ब्रह्म। (તૈ. ૨ ૧-૧.) સત્યરૂપ, જ્ઞાનરૂપ. અને અનંતરૂપ બ્રહ્મ છે એ વિગેરે શ્રુતિમાં તથા સૂત્રમાં કાર્યલક્ષણ અને સ્વરૂપલક્ષણથી બ્રહ્મનું વર્ણન કરવામાં આવ્યું છે. આવા પ્રકારનું બ્રહ્મ વિષેનું જ્ઞાન તે "જ્ઞાન" કહેવાય છે.

જેની રચના મનથી પણ સમજી શકાતી નથી, એવા આ જગતની અનાયાસે ઉત્પત્તિ. સ્થિતિ અને લય જે કરે છે, જે લિપ્ત અને અલિપ્ત, ભોકતા અને અભોકતા, કર્તા અને અકર્તા છે, જે હસ્ત અને પાદવિનાના છતાં ગ્રહણ કરે છે, અને ગતિમાન છે; આ વિગેરે વિરૂદ્ધ ધર્મોના આશ્રયપણું હોવું તે માહાત્મ્ય જ્ઞાન કહેવાય છે. તેથી કરીને ભકિત અને જ્ઞાનનો ઉપજીવ્ય અને ઉપજીવક ભાવ અથવા કાર્ય કારણનો સંબંધ સિદ્ધ થાય છે. આ કારણથી બ્રહ્મવાદને ભકિતમાર્ગમાં હેતુરૂપ તથા સહકારી ગણવામાં આવ્યો છે.

અહીં શંકા થાય છે કે બ્રહ્મવાદ એટલે કયો બ્રહ્મવાદ. અર્થાત્ પૂર્વે નહિ સાંભળેલો એવો આ ( ઉપર કહેલો ) બ્રહ્મવાદ છે વળી આ વાદમાં કેવા પ્રકારની યુકિત (નો આશ્રય) છે ? શું પ્રમાણ છે;

અને તેનું સ્વરૂપ કેવા પ્રકારનું છે? આ સર્વે શંકાઓ મનમાં ધારણ કરીને શ્રી હરિરાયજી સમાધાન કરે છે.

**एकमेवाद्वयं ब्रह्म । ( त्रि. म. ). એકજ અદ્વિતીય બ્રહ્મ છે. पुरुष एवेदं सर्वम । (ય. પુરૂષ સુકત). પુરૂષજ આ સર્વ રૂપ છે. ऐतदात्म्यमिदं सर्वम् । ( છાં. ૬-૮-૭- ). આ સર્વ એ આત્મસ્વરૂપજ છે. स वै सर्वमिदं जगत । આ સર્વ જગત્ તેજ છે. આ વિગેરે શ્રુતિઓથી સિદ્ધ થાય છે કે, બ્રહ્મ અદ્વય છે તેથી તેમનાથી અતિરિકતનો અભાવ હોવાથી, પ્રપંચરૂપવડે પણ પૂર્વે સત્જ હતું, તે સત્રૂપ ભગવાન્ પોતાની ક્રીડા અર્થે પોતેજ જેના આધારરૂપ છે એવા પ્રપંચને આધારપણાથી સંપાદન કરવા સારૂ તે ( પ્રપંચ ) રૂપથી આવિર્ભાવ પામ્યા. એ પ્રકારે શ્રુતિઓના તાત્પર્યરૂપ બ્રહ્મવાદ છે.**

**एकमेवाद्वयं ब्रह्म।** બ્રહ્મ એકજ, અદ્વિતીય છે, એટલે કે સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત છે. તેથી **एकमेव** અને **अद्वितीयम्** પદોથી પુનરૂકિતનો દોષ પ્રાપ્ત થતો નથી. જીવો બ્રહ્મના સજાતીય છે; જડ વિજાતીય છે, અને અન્તર્યામી સ્વગત છે. **एक** શબ્દથી સજાતીય (જીવનો) નિરાસ કર્યો છે. **एव** શબ્દથી વિજાતીય (જડ) નો અને **अद्वय** શબ્દથી જીવો ( અંતર્યામીઓ ) નો નિરાસ કર્યો છે.

**एकत्वे सत्यनेकानुगतत्वं जातिः ।**

જે એક હોઇને અનેકમાં અનુગત હોય, તે જાતિ કહેવાય છે. જીવો અનેક છે, તેમાં ચિત્સ્વરૂપ (જ્ઞાનરૂપ) જાતી અનુગત

છે. ને ચિતરૂપતાથી બ્રહ્મનું (જેને सच्चिदानन्दं ब्रह्म આ શ્રુતિમાં સતરૂપ, ચિતરૂપ અને આનંદરૂપ કહેલ છે), જીવોની સાથે સજાતીયપણું છે. આ પ્રમાણે ચિતરૂપ સજાતીયપણાથી બ્રહ્મ જીવો સાથે સજાતીય છે.

यथा सुदीप्तात् पावकाद् विस्फुलिंगाः । सहस्रशः प्रभवन्ते सरूपाः ॥ ( मु २-१-१- )

જેમ સારી રીતે પ્રકાશકરતા અગ્નિમાંથી સમાનરૂપવાળા હજારો તણખા પ્રકટે છે. આ મુંડક ઉપનિષદ્‌ની શ્રુતિમાંના सरूपाः પદથી, જીવોનું ચેતનપણાથી અને નિત્યપણાથી બ્રહ્મ સાથે સારૂપ્ય કહ્યું છે. તેથી તેવા પ્રકારના સજાતીય ભેદથી રહિત બ્રહ્મ છે, માટે બ્રહ્મ એક છે એમ શ્રુતિનો અર્થ છે તે પ્રમાણે જડતા, અનિત્યતા વિગેરે લક્ષણોથી જડ બ્રહ્મથી વિજાતીય છે. અંતર્યામીઓમાં જો કે સત ચિત્ અને આનંદ છે, તોપણ તે પરિચ્છિન્ન છે અને નિયત કાર્ય કર્તા હોવાથી અંતર્યામી બ્રહ્મને વિષે સ્વગત છે એમ સમજવું. શીંગડાવાળી અને શીંગડાવિનાની ગાયોનો જે ભેદ તે સજાતીય દ્વૈત કહેવાય છે; અને ઘટ પટનો જે ભેદ તે વિજાતીયદ્વૈત કહેવાય છે. જેમ કુસુમમાં વૃક્ષ અનુગત છે, છતાં વૃક્ષ કુસુમરૂપ નથી; તેમ સત, ચિત્ આનંદરૂપ ભગવાનમાં, નિરૂપણ કરેલ, ત્રણ દ્વૈતનો અભાવ હોવાથી ચિદ્રૂપથી જીવમાં, સત્ રૂપથી જડમાં અને પ્રકટ આનંદરૂપથી અંતર્યામીમાં આ ત્રણેમાં ભગવાન અનુગત છે. આજ કારણથી શ્રીમદ્ આચાર્યચરણેઃ—

सजातीयविजातीयस्वगतद्वैतवर्जितम् ।

( त. दी. नि. १-६७- ).

બ્રહ્મ સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત છે, એમ કહ્યું છે.

એ પ્રમાણે કારણ દશામાં રહેલ બ્રહ્મને અભેદ પ્રતિપાદન કરનારી શ્રુતિ કહીને, હવે કાર્ય દશામાં રહેલ બ્રહ્મના અભેદની પ્રતિપાદક શ્રુતિ કહે છે. **पुरुष एवेदं सर्वम्** (ऋ. वे. १०–२०–२) પુરૂષજ આ સર્વરૂપ છે. આ શ્રુતિ તૈત્તિરીય ઉપનિષદ્‌માં સહસ્ર-શીર્ષા અનુવાકમાં છે. અને આગળ **यद्‌भूतं यच्च भाव्यम्** (ऋ. वे. १०–२०–२) જે થયું અને જે થવાનું છે. આમ કહ્યું છે. આ બન્ને શ્રુતિઓનો નીચે પ્રમાણે અર્થ છે.

**उत्तमः पुरुषस्त्वन्यः ।** (भ. गी. १५-१७).

ઉત્તમ પુરૂષ તો અન્ય છે. આ વાક્યને અનુસરી પુરૂષ એ-ટલે પુરૂષોત્તમ એવો અર્થ થાય છે. **यद्‌भूतं यच्च भाव्यम्**. એ-ટલે ભૂતપણાથી અને ભવિષ્યપણાથી જેનો વ્યવહાર કરવામાં આવે છે, એવુ આ ઘટ પટાત્મક સર્વ જગત્, નામ અને રૂપ વડે ભિન્ન છે, એમ જણાતાં છતાં પણ પુરૂષ રૂપજ છે આ (જગત) માં ઉપાદાન કારણ તરીકે પુરૂષોત્તમજ અનુગત છે, માટે આ જગત પુરૂષોત્તમ રૂપજ છે. અન્યરૂપ નથી. શ્રુતિમાંનો **एव** શબ્દ અન્ય વસ્તુનો વ્યવર્તક છે. કારણકે **जन्माद्यस्य यतः ।** (બ્ર. સૂ. ૧-૧-૨). **यतो वा इमानि ।** (તૈ. ૩-૧-). **तत्तु समन्वयात् ।** (બ્ર. સૂ. ૧-૧-૩). પણ તે (બ્રહ્મ) સત્ ચિત અને આનંદ અંશથી સમ્યક્ અનુવૃત હોવાથી સમવાયિ કારણ છે. એ વિગેરે શ્રુતિ તથા સૂત્રમાં જે પંચમી વિભક્તિ છે. તે **जनिकर्तुः प्रकृतिः ।** (પા. સૂ. ૧-૪-૩૦).

આ પાણિનિ સૂત્રથી, સમવાયિ કારણનુંજ સૂચન કરે છે. આ બધું **तत्तु समन्वयात् ।** (બ્ર. સૂ. ૧-૧-૩). ઇત્યાદિ સૂત્ર ભા-ષ્યમાં શ્રીમદાચાર્યચરણે સ્પષ્ટ રીતે નિરૂપણ કરેલું છે, તેથી અહીં તેનો વિસ્તાર કરતા નથી.

કાર્યાવસ્થામાં બ્રહ્મનો અભેદ પ્રતિપાદન કરનારી બીજી પણ શ્રુતિ શ્રી હરિરાયજી દર્શાવે છે કેઃ—

**ऐतदात्म्यमिदं सर्वम्** । ( છાં. ૬-૮-૭ ) આ શ્રુતિ શ્વેતકેતુ ઉપાખ્યાનમાં આવેલી છે. તે ઉપાખ્યાનના આરંભમાં:-

**अपि वा तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवति ।**

( છાં. ૬-૧-૨-૩ ). અમે તે જ્ઞાન વિષે પુછીએ છીએ કે જેના જાણવાથી અશ્રુત શ્રુત થાય છે, વિગેરે, જાણાવીને એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા કરવામાં આવીછે. તે પ્રતિજ્ઞા જો સર્વ એકજ હોય તોજ ઘટી શકે છે. જેમ સુવર્ણના કટકા અને સુવર્ણનું કાર્ય એ સર્વ સુવર્ણ છે, એવું જ્ઞાન સુવર્ણના જ્ઞાનથી થાય છે; તેટલા સારૂજ **सदेव सौम्य** (છાં ૬. ૨.૧). હે સૌમ્ય ! [ આ પૂર્વે ] સત્જ હતું. એમ આરંભમાં નિરૂપણ કરેલ છે. અને ત્યારપછી સર્વ જડ પણ તદાત્મક છે એમ કહેવા-સારૂ **एतदात्म्यमिदंसर्वम्** ( છાં. ૬. ૮. ૭) આમ કહ્યુ છે. આ શ્રુતિનો અર્થ નીચે પ્રમાણે છે. આ જેનો આત્મા તે **एतदात्मा** એટલે બ્રહ્મ છે. અને **एतदात्मा**નો જે ભાવ તે **ऐतदात्म्यम्** કહેવાય. અર્થાત્ શ્રુતિનો **एतदात्मनः इदं सर्वम्** આવો અર્થ છે. ] આ શ્રુતિમાં પણ **एतदात्मनः** ની પંચમી વિભક્તિ સમાવાયિ કારણ-પણું બતાવે છે. જેમ મૃત્તિકામાંથી ઘટ વિગેરે ઉત્પન્ન થાય છે. તેમ આ આત્મામાંથી સત્ રૂપથી આ સર્વ ઉત્પન્ન થયું છે. એવો શ્રુતિનો અર્થ છે. જો કે **सदेव सौम्य** આ દ્રષ્ટાન્ત વાક્યમાં જડની તદાત્મકતા કહી છે. તોપણ દ્રઢતા અર્થે દાર્ષ્ટાન્તિક વાક્યમાં પણ આ ફરી કહેવામાં આવી છે. આ પછી વિનાશિત્વ વિગેરે જડગત દોષોનો પરિહાર કરવા માટે **तत्सत्यम्** (છાં. ૬. ૮. ૭)

તે સત્ય છે, એમ કહ્યું છે. એટલે અનાગન્તુક અને અનારોપિત રૂપવાળું સત્ છે. આ પછી પૂર્વ અને ઉત્તર એવા જડ અને જીવની સદાત્મકતા પ્રતિપાદન કરવા માટે હેતુ દર્શાવે છે કે, स आत्मा (છાં, ૬. ૮. ૭) તે આત્મા છે. તે પરમેશ્વર સર્વના સ્વરૂપ ભૂત આત્મા છે; તેથી પૂર્વોકત સત્વ સર્વકાલ વિષે સત્વ છે એમ સમજવાનું છે. અને તેથી વૈનાશિકો જેઓ આ જગતનું અસત્વ સ્વીકારે છે, અને અર્ધ વૈનાશિકો જેઓ આ જગત્ વિનશિ છે, એમ સ્વીકારે છે, તથા માયાવાદિઓ જેઓ આજગત્નું મયિકત્વ સ્વીકારે છે, તેઓનો નિરાસ થાય છે. જેમ સુવર્ણ કડાં કુંડલ વિગેરેના આત્મરૂપ હોવાથી, કડાં કુંડલ વિગેરે સર્વ સુવર્ણરૂપ છે, તેજ પ્રમાણે આ સર્વ તદાત્મક હોવાથી, સર્વ સત્ય છે; એવું દર્શાવવા स आत्मा (છાં. ૬. ૮ ૭) એ મન્ત્રમાં કહેવામાં આવ્યું છે. આ પ્રમાણે સર્વ જડનું પુનઃ તદાત્મકપણું કહીને જીવ પણ તદાત્મક છે, એમ तत्त्वमसि (છાં. ૬. ૮. ૭) શ્રુતિથી કહે છે. જેમ ऐतदात्म्यमिदं सर्वम् આ શ્રુતિમાં જડનો બ્રહ્મભાવ કહેલ છે. અર્થાત્ एतदात्मानो ભાવ તે ऐतदात्म्यम् તેમ અંહીં ( જીવ વિષે કહેવામાં આવે છે કે ) તું (જીવ) તે ( બ્રહ્મ ) છું. એટલે તું (જીવ) एतदात्मना ( આ આત્માના ) ભાવ રૂપ છું. અત્ર એટલે જીવ વિષે સત્ અને ચિત્ રૂપથી ભગવાન્ સમવાયિ કારણ છે; અને જડમાં સત્ રૂપથી સમવાયિ કારણ છે. એટલો ભેદ છે. असि (તું છું.) એ મધ્યમ (બીજા) પુરૂષના ક્રિયાપદ વડેજ त्वम् (તું) એવું પદ સમજી શકાય છે. તેથી त्वम् પદને સર્વનામનું વાચક ન ગણતાં ભાવવાચક પ્રત્યય ગણીને તત્ સર્વ નામને લગાડીએ તો तस्यभावस्तत्त्वम् ( તેનો જે ભાવ તે તત્વ ) એમ એક (तत्त्वम्) પદ વડે પણ ઉપર મુજબનો અર્થ થાય છે. એમ શ્રીમત્ પુરૂષોત્તમ ચરણે આવરણભંગમાં લખ્યું છે. ઉપર દર્શાવેલ પ્રકારના

સર્વ અર્થોનું અનુસંધાન કરીનેજ શ્રીમદ્ હરિરાયચરણે સંપૂર્ણ પ્રપંચરૂપ મહાવાક્યનું સૂચન કરનારી આ શ્રુતિ કહી છે. આ સર્વ નિબંધ વિદ્વન્મંડનાદિ વિગેરે ગ્રંથોમાં નિરૂપણ કરેલું છે. તેથી અત્ર માત્ર દિશાજ દર્શાવી છે.

**स वै सर्वमिदं जगत्** તેજ આ સર્વ જગત્ રૂપ છે. આ શ્રુતિ પણ પૂર્વે કહ્યા મુજબ સ્પષ્ટ છે. મૂળમાં **इत्यादि श्रुतिभ्यः** [ આ વિગેરે શ્રુતિઓથી ] એમ કહેલું છે, તેમાંનાં **आदि** શબ્દથી **सन्मूलाः सौम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः** [छां. ६. ८. ४] હે સૌમ્ય ! આ પ્રજાઓનું મૂલ સત્ છે. આયતન પણ સત્ છે; અને પ્રતિષ્ઠાન પણ સત્ છે. **आत्मा वा इदमग्र आसीत्** [ऐत १. १.] આ જગત્ પૂર્વે આત્મારૂપ હતું. **सदेव सौम्येदमग्र आसीत्** [छां. ६-२-१] હે સૌમ્ય આ પૂર્વે સત્જ હતું. **स आत्मानं स्वयमकुरुत** [तै. २. ७. १] તેણે પોતે પોતાના આત્માને કર્યો. ઇત્યાદિ શ્રુતિઓનું અત્ર અનુસંધાન કરવાનું છે પ્રપંચરૂપે પણ પૂર્વે સત્જ હતું એવું **सदेव सौम्येदमग्र आसीत्** [छां. ६-२-१ શ્રુતિનું તાત્પર્ય છે. આ તાત્પર્યમાં હેતુ દર્શાવે છે કે તે-બ્રહ્મ-વિના અન્ય વસ્તુનો અભાવ છે. એટલે કે સત્ એવા બ્રહ્મથી અતિરિક્ત વસ્તુનો અભાવ છે. આ હેતુના સમર્થનમાં યુક્તિ કહે છે કે, પોતાની. એટલે જેના કર, પાદ, મુખ, ઉદર વિગેરે આનંદ માત્ર છે, એવા પુરૂષોત્તમ સ્વરૂપ આત્માની ક્રીડા કરવાની ઇચ્છાથી પોતેજ જેના આધાર રૂપ છે, એવા પ્રપંચને પ્રકટ કરવા માટે તે પ્રપંચ રૂપ વડે પોતેજ આવિર્ભૂત થએલા છે. ક્રીડા એટલે રસ વિગેરેને અનુરૂપ રમણ. અને તે ક્રીડા તેને અનુકુલ ભિન્ન પદાર્થોથીજ સંભવે છે: એમ **स्वस्य क्रीडार्थम्** ની છઠી વિભકિતનું તાત્પર્ય છે. **स ईक्षाञ्चक्रे** [प्र. ६ २] તે પરમાત્માએ ઇક્ષણ

કર્યું. **बहुस्यां प्रजायेय** [ तै. २ ६ ] હું બહુરૂપ થાઉં. ઈત્યાદિ શ્રુતિથી એમજ સિદ્ધ થાય છે કે, પોતેજ ક્રીડામાં અનુકુલ જુદા પદાર્થ રૂપે થએલા છે. અત્ર જે ભેદ કહ્યા છે, તે સુવર્ણ અને તેનાં કાર્ય કડા કુંડલના જેવો ભેદ સમજવાનો છે. અથવા તો આનંદાત્મક ભકતો જેઓ ક્રીડાનુકુલ પદાર્થ રૂપે પોતાના સાધન રૂપ છે. તેમના વડે ક્રીડા કરવા સારૂ પોતે બહુરૂપ થએલા છે, એમ સમજવું

આ પદાર્થોની આનંદરૂપતા ન માનીએ તો સમાનશીલ અને સમાન વ્યસનનો [ પદાર્થોમાં ] અભાવ પ્રાપ્ત થતાં રમણનો અનુભાવ થશે નહિં. માટે આનંદરૂપ એવા ભગવાનની ક્રીડામાં ઉપયોગિ પદાર્થોનું આનંદપણું હોય તે યુકત છે. આ ક્રીડા આધાર વિના થઇ શકતી નથી, તેથી ક્રીડાને આધારની અપેક્ષા છે. આ આધાર પણ પોતેજ થએલ છે, આધાર જડ જીવાત્મક સત્ ચિત્ રૂપે છે; તેથી સત્ચિત્ અંશથી સત્ રૂપ પ્રપંચનુ. સંપાદન થએલ છે. પ્રપંચ સંપાદન કરવા માટેજ પોતે આવિર્ભાવ પામેલા છે, એટલે કે સકલ જનને દશ્યમાન થએલા છે. પ્રપંચરૂપ થએલ છે, એમ કહેવાથી આવિર્ભાવજ સમજવો, સમજ નહિં કે ઉત્પત્તિ કારણ કે [ બ્રહ્મ ] નિત્ય અને અપરિચ્છિન્ન છે. અને જે વસ્તુનું સ્વરૂપ નિત્ય અને અપરિચ્છિન્ન હોય છે. તે વસ્તુનું પ્રાકટ્ય [ જ ] થાય છે. ઉત્પત્તિ થતી નથી.

અત્ર શંકા થાય છે, કે, સર્વ જનને પરિદૃશ્યમાન પદાર્થ અન્ય હશે બ્રહ્મ નહિં હોય. શ્રી હરિરાયજી આના સમાધાનમાં કહે છે, કે, “ભગવાન્ પોતેજ આવિર્ભાવ પામેલા છે.” અન્ય કોઇ નહીં. **पुरुष एवेदं सर्वम्** ( ऋ. वे. १०-९०-२ ) પુરૂષજ આ સર્વરૂપ છે. આ વિગેરે ઉપર કહેલી શ્રુતિથી જણાય છે, કે, ભગવાનનો સત્ અંશ જડમાં આવિર્ભાવ પામેલો છે; અને ચિત અને આનંદ અંશ તિરોહિત છે. જીવમાં સત્ અને ચિત્ અંશથી ભગવાન્ આવિર્ભા

નાનલા છે. તેના આનંદઅંશ પોતાની ઇચ્છાથી તિરોહિત કરેલ છે. એ રીતે જડ અને જીવ ક્રીડાને માટેજ આવિર્ભૂત કરેલ છે. કાષ્ટવન્હિ ન્યાય પ્રમાણે જે આવિર્ભૂત છે, અને જે અનાવિર્ભૂત છે, તે પોતાનાં (ભગવાન્‌નાં) સ્વરૂપજ છે, તેથી, **सत्यं ज्ञानमनन्तं ब्रह्म** (तै. २-१-) વિગેરે લક્ષણથી જણાતું સત્ ચિત્ આનંદરૂપ ભગવદ્‌રૂપ જગતનું છે, એમ સિદ્ધ થાય છે. સુવર્ણ અને તેના કાર્ય કટક કુંડલ વિગેરેની પેઠે કાર્ય અને કારણના એકતા હોવાથી અખંડ અદ્વૈત બ્રહ્મ છે, એવુ શ્રુતિઓનું તાત્પર્ય છે. અને આ પ્રકારના તાત્પર્યરૂપ અખંડાદ્વૈતરૂપ બ્રહ્મવાદ છે. આ હેતુથીજ **अखंडं कृष्णवत्सर्वमिति निर्गलितं वचः** (त. दी. नि. २-१-७८ કૃષ્ણની પેઠે આ સર્વ અખંડ છે, એવું વચન નીકળેલું છે. એમ શ્રીમદાચાર્યચરણે કહેલું છે. **सर्वं खल्विदं ब्रह्म** (छां. ३-१४-१) એ વિગેરે શ્રુતિથી પણ એમજ સિદ્ધ થાય છે.

શંકા—એ પ્રમાણે ભગવાન્‌ના કાર્ય સ્વરૂપ અને કારણ સ્વરૂપની વિલક્ષણતાથી દ્વૈતાપત્તિ પ્રાપ્ત થશે.

સમાધાન-આ શંકા યોગ્ય નથી. કેમકે **नेह नानास्ति किंचन** (बृ. ४-४-१९) આમાં (બ્રહ્મમાં) ભેદ કાંઇ છેજ નહિં. આ અગ્રિમ શ્રુતિથી વિલક્ષણતાનો નિષેધ કરવામાં આવ્યો છે. આશ્રુતિનો અર્થ એ છે, કે, આ સર્વરૂપ હોવાથી અદ્વય બ્રહ્મ પ્રપંચ રૂપે (આવિર્ભાવ પામેલ) હોવા છતાં સત્ ચિત્ આનંદરૂપ હોવાથી એક રૂપ એવા બ્રહ્મ વિષે વસ્તુ નાના એટલે ભિન્ન નથી પણ જેમને બ્રહ્મદૃષ્ટિ નથી તેઓને અવિદ્યાથી નાનાપણું ભાસે છે તેથીજ કાર્ય અને

કારણ વિષે વિલક્ષણતા છે. (એમ કહેવામાં આવ્યું છે) અને એજ કારણથી વાચારંભણ શ્રુતિ પોતાના દોષથી પ્રતીત થએલા વિકારોનું મિથ્યાપણું અને વસ્તુરૂપે સત્યતા કહે છે એમ તમે (માયાવાદીઓ) પણ કહો છો.

શંકા એવી છે, કે, એકજ વસ્તુની કાર્યસ્વરૂપ તથા કારણ સ્વરૂપથી વિલક્ષણતા હોવાથી દ્વિરૂપતા થાયછે; તેથી દ્વૈતાપત્તિ પ્રાપ્ત થાય છે. આ શંકાનું સમાધાન नेहनानास्ति किंचन શ્રુતિથી કરવામાં આવ્યું છે. આ શ્રુતિ કાઠક ઉપનિષદ્‌ના બીજા અધ્યાયની પ્રથમ વલ્લીમાં છે. કાઠક ઉપનિષદ્‌ના પ્રથમ અધ્યાયની પ્રથમ વલ્લીમાં પહેલાં યમે સર્વ પદાર્થોની નશ્વરતા કહી છે. તેથી સર્વ વસ્તુ અપારમાર્થિક છે, એમ જાણીને શિષ્યે (નચિકેતસે) પારમાર્થિક વસ્તુરૂપ વરની યાચના કરી છે. પછી દ્વિતીય અધ્યાયમાં, જેના વૈરાગ્યની પરીક્ષા કરી છે, એવો શિષ્ય નિઃશ્રેયસ્‌ના હેતુરૂપ કેવલ વિદ્યાનોજ અર્થી છે. એમ વખાણ કરવા માટે નિઃશ્રેયસ્ અને અભ્યુદયના કારણ રૂપ વિદ્યા તથા અવિદ્યાના વિભાગ યમે કહ્યા છે. ત્યારપછી પૂર્વે કહેલી વિદ્યા તથા અવિદ્યાના ફલ વિગેરેને કહેવા માટે તૃતીય વલ્લીનો આરંભ કરેલ છે. આ પ્રમાણે પ્રથમ અધ્યાયનો સારાંશ છે. પછી દ્વિતીય અધ્યાયમાં પૂર્વે કહેલ વિદ્યા વિગેરે વિસ્તારથી કહેવા માટે પ્રથમ વલ્લીનો છે. તેમાં આવેલી पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः (कठ २–१–१) એ શ્રુતિથી આરંભીને तं देवाः सर्वेऽर्पितास्तदु नात्येति कश्चन (कठ २.१.९) एतदेव तत् [कठ. २-४-३] यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह [कठ.२.१.१०] અંહી સુધીની શ્રુતિઓનો અર્થ નીચે પ્રમાણે છે.

અધિદૈવ અગ્નિ વિગેરે અને અધ્યાત્મ વાણી વગેરે અત્ર દેવ શબ્દથી વિવક્ષિત છે. તે દેવોનું અર્પણ કરવામાં આવ્યું છે, એટલે સ્થિતિ કાલમાં પ્રવેશ કરાવેલ છે. તેઓ હિરણ્યગર્ભરૂપ ભગવાનનું ઉલ્લંઘન કરી શકતા નથી; એટલે હિરણ્યગર્ભરૂપ ભગવાનનું ઉલ્લંઘન કરીને તેનાથી અન્ય સ્વરૂપને પામતા નથી. આ પ્રકારના દેવતારૂપ અધિરૂપ તથા અધિદૈવને જે જુવે છે, જાણેછે, તેજ ખરેખર આ પ્રકરણમાં દર્શાવેલ, બ્રહ્મનેજ જુવેછે. ઉપક્રમ અને ઉપસંહારમાં જીવ અને ઇશની એકતા કહેલી છે; અને મધ્યમાં જડની પણ એકતા જણાવી છે. આ પ્રમાણે સર્વની, એકતા કહેવામાં આવીછે; પણ નાનાત્વનું દર્શન થતું હોવાથી આ એકતાનો તેની સાથે વિરોધ આવશે એવી આશંકા કરીને નાનાત્વનું દર્શન (તો) ભ્રાન્તિ છે એમ સૂચવવા માટે

**यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ।** ( કઠ.૨–૧–૧૦ ) આ શ્રુતિ કહે છે. અંહિ એટલે આ જીવોપાધિ વિષે અને પરલોકમાં એટલે ઇશોપાધિ વિષે જે અનુપ્રવિષ્ટ છે, તે તત્ છે. ઉપાધિથી કરાએલ ભેદ મિથ્યા હોવાથી શ્રુતિ ભેદ દર્શનની નિન્દા કરતી કહે છે, કે **मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ।** ( કઠ–૨–૧–૧૦ ). જે અત્ર ભેદ જેવું જુવે છે, તે જન્મ મરણની પરંપરાને પામે છે. આ શ્રુતિમાંનો **इव** શબ્દ ચિદ્રૂપ એકતાનો અવિરોધ સૂચવે છે, કારણ કે તેવા પ્રકારના ભેદનું સ્વરૂપ ભ્રન્તિ રૂપ છે. એકતાની દ્રઢતા માટે વ્યતિહાર (જન્મથી મૃત્યુ પામે છે, અને મૃત્યુથી જન્મ પામે છે, આવું) વચન કહેલ છે. (આવો ભેદ) અવિદ્યાના કાર્ય રૂપ હોવાથી અને વિદ્યાથી નિવૃત્ત થતો હોવાથી ભેદ મિથ્યા છે; એમ

**मनसैवेदमाप्तव्यं नेहनानास्ति किंचन ।** ( કઠ–૨–૧–૧૧ ). એ શ્રુતિના પૂર્વાર્ધથી કહેવામાં આવે છે, મનથી એટલે આચાર્યે

અને શાસ્ત્રથી સંસ્કાર પામેલ એકાગ્ર મનથીજ બ્રહ્મને પ્રાપ્ત કરી શકાય છે; જાણી શકાય છે. શ્રુતિમાંના एव શબ્દથી બ્રહ્મનું જ્ઞાન થવા માટે ભેદને ગ્રહણ કરનાર ચક્ષુ વિગેરે ઇંદ્રિયોનો નિષેધ કરાય છે. આ પ્રમાણે પૂર્વાર્ધનો અર્થ છે. આ શ્રુતિનો ઉત્તરાર્ધ ભેદ દર્શનની નિન્દારૂપ ઉપહાર પરત્વે છે. એમ કેટલાક કહે છે. આ સર્વ કઠવલ્લી ભાષ્યમાં વિસ્તારથી લખેલ છે તેથી અત્રમાત્ર દિશાજ બતાવી છે.

તેથી પૂર્વે કહેલી અભેદનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓમાંની આગળની શ્રુતિવડે, કાર્ય કારણ સ્વરૂપે વિલક્ષણતાં જણાતાં છતાં દ્વૈતનો નિષેધ કરવામાં આવ્યો છે, તેથી દ્વૈતાપત્તિ આવતી નથી. જેવી રીતે સુવર્ણનાં કાર્યરૂપ કડાં કુંડલમાં વિલક્ષણતા જોવામાં આવતાં છતાં, વસ્તુતાએ સુવર્ણ અને તેનાં કાર્ય વચ્ચે દ્વૈતનો અભાવ છે, તેમ અત્રપણ જાણવું. એજ કારણથી શ્રુતિ તેવા પ્રકારનો અભેદ પ્રતિપાદન કરે છે. **यः पूर्वं तपसो जातः सोऽद्भ्यः पूर्वमजायतः ।** (कठ–२–१–६) **गुहां प्रविश्य तिष्ठन्तं यो भूताभिर्व्यपश्यत ॥** ( कठ. २–१–७ ). જે પ્રથમ તપસૂથી જલ ( જલ શબ્દથી સૂચવાતા પંચ ભૂતો ) ની પહેલાં ઉત્પન્ન થએલ છે, અને જે હૃદય ગુહામાં પ્રવેશ કરીને રહેલ છે તેને જે જુવે છે તે ( પ્રકરણસ્થ ) બ્રહ્મનેજ જુવે છે.

**कश्चिद्धीरः प्रत्यगात्मनमैक्षदावृत्त चक्षुरमृतत्त्वमिच्छन् ।** [ कठ २–१–१. ] અમૃતત્વની ઇચ્છા રાખનાર કોઇક પુરૂષ નેત્ર બંધ કરી પ્રત્યક્ આત્માને જુએ છે.

**न हि सत्यस्य नानात्वमविद्वान्यादि मन्यसे**
**नानात्वं छिद्रयोर्यद्वज्ज्योतिषोर्वा तयोरिव** (भा १२.४.३०)

શત્યના ભેદ હોતા નથી; અને જો તું ગાનનો હોતો તું અવિદ્વાન્ છે; એ ચ્છિદ્રોને વિષે પ્રકાશ જેમ ભિન્ન ભિન્ન લાગે છે, અથવા તો ચ્છિદ્રોમાં રહેલું આકાશ જેમ ભિન્ન ભિન્ન લાગે છે. તેમ આ ભેદ દર્શન છે.

यथा हिरण्यं बहुधा समीयते
नृभिः क्रियाभिर्व्यवहार वर्त्मसु
एवं वचोभिर्भगवानधोऽक्षजो
व्याख्यायते लौकिकवैदिकैर्जनैः॥
[भा. १२. ४. ३१]

જેમ મનુષ્યો સુવર્ણને ક્રિયા વડે વ્યવહાર માર્ગમાં બહુ પ્રકારે જુએ છે, તેમ લૌકિક વૈદિક જનો વાણીવડે ભગવાન્ અધોક્ષજનું વ્યાખ્યાન કરે છે.

આ વિગેરે ઉપરથી અભેદનુંજ પ્રતિપાદન થાય છે.

બ્રહ્મ સત્ ચિત્ અંતર્યામીરૂપ હોવાથી, એક રૂપ એવા તેમાં વસ્તુ ભેદ નથી. એટલે જડ, જીવ અને આનંદ રૂપતાથી વસ્તુભેદ નથી. અર્થાત્ કાર્ય સ્વરૂપ અને કારણ સ્વરૂપમાં દેખાતી વિલક્ષણતા જડ, જીવ અને અંતર્યામી જે સચ્ચિદાનંદ છે, તત્સ્વરૂપ હોવાથી વસ્તુતાએ તેમાં ભેદ દર્શન ઘટતું નથી. છતાં પણ બ્રહ્મદ્રષ્ટિ જેમને પ્રાપ્ત થઈ નથી, તેમને અવિદ્યાથી ભેદ દર્શન થાય છે. અવિદ્યા એટલે માયા શક્તિ.

यावत्स्याद्गुणवैषम्यं तावन्नानात्वमात्मनः (भा. ११-१०-३२) प्रति बुद्‌ध्य इव स्वप्ना नानात्वाद् विनिवर्तते (भा. ११ ११-१३).

જ્યાં સુધી ગુણની વિષમતા હોય છે, ત્યાં સુધી આત્માનો ભેદ જોવામાં આવે છે; સ્વપ્નામાંથી જાગ્રત થએલ મનુષ્ય જેમ સ્વપ્નથી નિવૃત્ત થાય છે, તેમ ગુણની વિષમતાથી રહિત મનુષ્ય ભેદથી નિવૃત્ત થાય છે.

આ તાત્પર્યથીજ **पराँचि खानि व्यतृणा त्स्वयंभूस्तस्मात्पराङ्पश्यति नांतरात्मन्** (કઠ- ૨. ૧- ૧.). સ્વયંભુવેંદ્રીયોને બહિર્મુખ સ્વભાવવાળી કરેલ હોવાથી, તે બહારના પદાર્થોનેજ જુવે છે; પણ અંતરાત્માને જોઇ શક્તી નથી. એ શ્રુતિમાં બાહ્ય (વસ્તુના) જ્ઞાનવાળી ઇંદ્રિયોની ભગવાને હિંસા કરેલી છે, એમ કહ્યું છે; તેથી અવિદ્યાથી જોકે ભેદ ભાસે છે; તોપણ તે ભેદ મિથ્યા હોવાથી (કાર્યસ્વરૂપ તથા કારણ સ્વરૂપમાં) વિલક્ષણતા આવતી નથી. પણ એકત્વજ સિદ્ધ થાય છે. આજ સિદ્ધાંતનું સમર્થન **वाचारंभण** શ્રુતિથી હરિરાયજી કહે છે. **उत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवति.** (છાં ૬.૧.૨.૩) તથા **यथा सौम्यैकेन.** [ છાં- ૬. ૧. ૪. ]. આ વિગેરે પ્રતિજ્ઞા તથા દ્રષ્ટાન્તવાળી શ્રુતિના બલથી બ્રહ્મજ પ્રપંચનું સમવાયિ કારણ છે, એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. દ્રષ્ટાંત વાક્યવાળી શ્રુતિના શેષ ભાગમાં કહ્યું છે કે **वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्.** (છાં- ૬-૧-૪). આનો આ પ્રમાણે અર્થ છે:—જેનો આરંભ કરાય છે, તે આરંભણ કહેવાય છે. જે વિકાર છે, તે વાણીથી આરંભાયેલ છે. વાણીથી આરંભાએલ કારણનુંજ નામ હોય છે. કારણ કે કારણનેજ તે તે અર્થ તથા ક્રિયાની સિદ્ધિ માટે તે તે નામથી વ્યવહાર કરવામાં આવે છે. તેથી કારણથી કાર્ય અભિન્ન છે. પણ કાંઇ પોતાના સ્વરૂપવડે

ભિન્ન નથી. આ અર્થ मृत्तिकेत्येव सत्यम्- ( छां. ६-१-४ ) થી કહ્યો છે. કાર્યરૂપ ઘટાદિ મૃત્તિકા પ્રકારે સત્ય છે કાર્યની કારણરૂપેજ સત્યતા છે. પણ મિથ્યાપણું નથી. આ શ્રુતિથી કાર્ય સંબંધમાં "વાણીથી આરંભાએલ" એવો અનુવાદ કરીને તે વિકારરૂપ છે. એવું વિધાન કરીને, પછી તે વિકારનુંજ નામ ધેયત્વ છે, એવું નિગમન હોવાથી એ વિકાર ( કાર્ય ) માત્ર વાણીથીજ આરંભાએલ છે, અને ગગન કુસુમવત્ છે, વસ્તુતઃ નથી; આમ શંકા કરવી યોગ્ય નથી કેમકે એમ માનવાથી બ્રહ્મ પ્રપંચના ઉપાદાન કારણરૂપે છે, એવી ઉપપત્તિ થઇ શકતી નથી. તેથી यतो वा इमानि भूतानि. ( तै-३-१ ). ઇત્યાદિ શ્રુતિઓ કે જેમાં બ્રહ્મને સ્પષ્ટ રીતે પ્રપંચના ઉપાદાન કારણરૂપે વર્ણવવામાં આવ્યું છે, તે શ્રુતિઓનો વિરોધ આવે છે અને જો વિકાર વાણીમાત્ર છે એવો અભિપ્રાય હોત તો वाचारंभणं विकारो मृत्तिकैव सत्यम्. આમ શ્રુતિ કહેત કેમકે એટલું કહેવાથીજ કાર્યનું મિથ્યાત્વ સિદ્ધ થાય છે. પરંતુ તેમ નહીં કહેતાં मृत्तिकेत्येव सत्यम्.(छां ६-१-४) કાર્ય મૃત્તિકારૂપજ છે; માટે સત્ય છે. આમ કહેલ છે. તેથી ઉપર જે અર્થ કહ્યો છે, તેજ સિદ્ધ થાય છે. એટલે કે કાર્યનું મિથ્યાત્વ નથી, પણ કાર્યની કારણરૂપે અભિન્નતાજ છે, અનન્યપણુંજ છે. એમ શ્રુતિ પ્રમાણથી સિદ્ધ થાય છે.

અને એજ કારણથી કાર્ય બોધક શ્રુતિમાં યુક્તિ વિરોધનો પરિહાર કરીને, કાર્યબોધક અન્ય અન્ય વાક્યોમાં પણ શ્રુતિવિરોધનો પરિહાર કરવા સારૂ વ્યાસચરણે तदनन्यत्वमारंभणशब्दादिभ्यः । ( ब्र. सू. २.१.१४. ) આરંભણ વિગેરે શબ્દો શ્રુતિઓમાં કહેલ હોવાથી કાર્ય કારણનું અનન્યત્વ છે. આવું સૂત્ર રચ્યું છે. સૂત્રના आदि શબ્દથી इति શબ્દ નામ ધેય પદ અને

**सदेव सौम्येदम्** [ छां. ६.२.१ ] ઇત્યાદિ વાક્યોનુ ગ્રહણ ક૦રાય છે, સૂત્રનો અર્થ તો પૂર્વે કહેલા પ્રકારેજ છે. હવે જે રામાનુજાચાર્ય અને ભાસ્કરાચાર્ય આ સૂત્રથી ભેદવાદનું નિરાકરણ પ્રધાનપણે કરે છે, અને માયાવાદનો નિરાસ તો ગૌણ છે એમ કહેછે, તે યથાર્થ નથી. તેમનો મત અણુભાષ્યમાં શ્રીમદાચાર્યચરણે તથા ભાષ્ય પ્રકાશમાં પુરૂષોત્તમચરણે સ્પષ્ટ રીતે ખંડન કરેલ છે, ભેદવાદનું તો **तर्काप्रतिष्ठानात्** ( ब्र. सू. २.१.११. ) આ સૂત્રથી પ્રથમજ ખંડન કરેલ છે; તેમજ પ્રકૃતિ વાદનું પણ નિરાકરણ **प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात्** ( ब्र. सू. १.४.२३. ) સૂત્રથી થએલ છે; તેથી રામાનુજાચાર્ય વિગેરેનો મત સમીચીન નથી વિસ્તાર ભયથી અત્ર વિશેષ લખતા નથી. હવે પરમત રીતિ પ્રમાણે શ્રુતિના અર્થનું ગ્રહણ કરીને પણ વસ્તુનાનાત્વનું નિરાકરણ કરતાં શ્રી હરિરાયજી માયાવાદીને કહે છે કે તમે પણ કહો છો કે “ પોતાના દોષથી પ્રતીત થતા વિકારો મિથ્યા છે; અને વસ્તુરૂપે સત્ય છે ” આમ વાચારંભણ શ્રુતિ કહે છે; તો પછી તમારા ( માયાવાદીના ) મત પ્રમાણે પણ વિકારોનું મિથ્યાપણું માનતાં નાનાત્વનો અભાવજ છે.

અત્ર શંકા થાય છે કે ઘટ, કોડીઆં, પટ, શિરોવેષ્ટન શાકટ વિગેરે બહુ પદાર્થો છેઃ તો તેમનું એકત્વ શી રીતે હોય શકે? આવી શંકાનો પ્રથમ દ્રષ્ટાંતથી નિરાસ કરીને પછી સિદ્ધાંત દ્રઢ કરવા માટે શ્રી હરિરાયજી પ્રથમ શંકા પ્રકટ કરીને પછી દૃષ્ટાંતદ્વારા સમાધાન કરે છે.

**જો વસ્તુમાં નાનાત્વ ન હોય તો નાનાત્વની પ્રતીતિ કેમ થાય છે ? સમાધાન—આ શંકા યથાર્થ નથી. કેમકે સાકરની [બનાવેલી]મૂર્ત્તિની પેઠે (બ્રહ્મમાં) નાનાત્વની પ્રતી-**

તિ હોવા છતાં, વસ્તુ [બ્રહ્મ] નું એકરૂપ હોવાથી નાનાત્વનો અભાવ છે; અને એમ હોવાથીજ, બ્રહ્મવિત્ પુરૂષોને તેવી પ્રતીતિ થતી નથી. કેમકે તેઓની દૃષ્ટિ માત્ર સ્વરૂપ વિષેજ હોય છે. પણ જેઓ બહિર્દ્રષ્ટિવાળા છે, તેઓનેજ નાનાત્વનું ભાન થાય છે. પણ તેથી કાંઇ વસ્તુમાં નાનાત્વ થતું નથી. કેમકે તેઓ તાત્પર્ય સિધ્ધાંત સુધીના વિચાર વિનાના હોવાથી તેઓની દૃષ્ટિ અસમંત છે અને એજ કારણથી શાસ્ત્ર વિચારની સિધ્ધિરૂપ અર્થ વાળું હોય સાર્થક છે. તેથી **अखंडं कृष्णं वत्सर्वम्** (त. दी नि २१७८) કૃષ્ણની પેઠે આ સર્વ અખંડ છે એમ આચાર્યવર્યે કહ્યું છે. માટે બ્રહ્મ અદ્વય અને સર્વરૂપ છે. એમ સિધ્ધ થાય છે.

જેમ બાલકની રમત માટે સાકરના કંકણ વિગેરે આભરણો, મંદિરો, હસ્તિ અશ્વ વિગેરે મૂર્તિઓ, કરવામાં આવે છે, તેમાં તેઓના ભેદની પ્રતીતિ થાય છે. પરંતુ સાકરરૂપ વસ્તુમાં ભેદનો અભાવ હોવાથી, તેઓ સાકરરૂપ વસ્તુથી તો સર્વે એકરૂપ છે. તે પ્રમાણે બ્રહ્મ સર્વરૂપ હોવા છતાં બ્રહ્મપણાંથી નાનાત્વનો અભાવ છે આ દ્રષ્ટાંત તથા દ્રાષ્ટાંતિકને સમર્થન કરતાં શ્રી હરિરાયજી કહે છે કે " એજ કારણથી બ્રહ્મવિત્ પુરૂષોને ભેદની પ્રતીતિ થતી નથી એટલે કે સર્વે એકરૂપ હોવાથી તેઓ મિથ્યા છે, એવી પ્રતીતિ થતી નથી. કારણ કે તેઓની દ્રષ્ટી માત્ર સ્વરૂપ વિષેજ હોય છે, જોકે તેઓને કાર્યની પ્રતીતિ થાયછે તોપણ કાર્યને કારણથી અનન્યજ જુએ છે; પૃથક્ જોતાં નથી.

જેમ બાળકોને સાકરરૂપ વસ્તુનું જ્ઞાન નહિં હોવાથી તેનાં રમકડાંમાં નાનાત્વ બુદ્ધિ થાયછે, તેમ સાકરના જ્ઞાનવાળા પ્રબુદ્ધ પુરૂષને તેવી દૃષ્ટિ થતી નથી. તેથી પ્રબુદ્ધ પુરૂષોની દૃષ્ટિજ સંમત ગણાય છે બાલદ્રષ્ટિ સંમત ગણાતી નથી.

આ સિદ્ધાંતનુંજ પ્રતિપાદન કરતાં શ્રીહરિરાયજી જણાવે છે કે, અંતઃસ્થિત બ્રહ્મનું દર્શન જેમને નથી તે બહિર્દ્રષ્ટિ કહેવાય છે. આ બ્રહ્મદ્રષ્ટિ વિનાના બહિર્દ્રષ્ટિવાળાઓનેજ ભેદ પ્રતીત થાય છે. પણ તેનું ભાન થતું હોવાથી વસ્તુમાં ભેદ નથી. એટલે કે વસ્તુ વિષે યથાર્થ દષ્ટિનો અભાવ હોવાથી એકરૂપતાનો અભાવ છે. (પણ) તેથી વસ્તુમાં એકરૂપતાનો અભાવ નાનાત્વ નથી. કેમકે તાત્પર્ય સિદ્ધાંત પર્યંત તેઓના વિચાર નહિં હોવાથી તેઓની દ્રષ્ટિ અસંમત છે.

તાત્પર્યનો અર્થ નીચે મુજબ છે. એકજ મૃત્તિકા વિગેરે સમવાયિ કારણથી ઘટ પટ વિગેરે સર્વે થાય છે. તે મૃતિકા વિગેરેનું સદંશથી બ્રહ્મ સમવાયિ કારણ છે; કેમકે તે સર્વમાં અનુસ્યૂત છે. તેથી સર્વે તદ્રૂપ [ બ્રહ્મના સદંશરૂપ ] હોવાથી એક છે તેથી કોઇપણ સ્થાને નાનાત્વ નથી **नेह नानास्ति किंचन** (**बृ-४-४-१९**) **वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्.** (**छां ६-१-४**) **तत्केन कं पश्येत् बृ. २-४-१४ ४-२-११.** કેના થકી કેને જુએ. એ વિગેરે શ્રુતિઓનું એજ તાત્પર્ય છે. આ તાત્પર્ય એજ સિદ્ધાંત છે. વાદી પ્રતિવાદીથી નિર્ણય કરાએલ અર્થને સિદ્ધાંત કહે છે. હવે જેઓને તાત્પર્ય સિદ્ધાંત સંબંધમાં વિચારજ થતો નથી, તેઓને તેનું નિર્ણય જ્ઞાનતો ક્યાંથીજ થાય? કારણ એટલે શું? કાર્ય એટલે શું? કાર્ય અને કારણનું સ્વરૂપ કેવા પ્રકારનું છે? એવા પ્રકારના

મનમાં જે સ્ફુરણો થાય છે, તેને વિચાર કહે છે. બહિર્દ્રષ્ટિ-વાળા જનોને આવો વિચાર તથા નિર્ણયજ્ઞાન નહિં હોવાને લીધે તેમની દૃષ્ટિ સમીચીન નથી. અને એજ કારણથી બહિ-ર્દૃષ્ટિવાળાઓને બોધ થવાની અપેક્ષાને લીધેજ શાસ્ત્ર ઉત્તરમીમાં-સા શાસ્ત્ર સાર્થક છે. કેમકે વેદના વિચારનો અભાવ હોવાથી નિઃસંદિગ્ધ રીતે તેઓને બોધ થતો નથી

આ ઉતરમીંમાસા શાસ્ત્ર કેવળ બહિર્દ્રષ્ટિવાળાનીજ અ-પેક્ષાથી સાર્થક છે એમ નથી, પણ જ્ઞાની પુરૂષોની અપેક્ષાથી પણ સાર્થક છે. કહ્યું છે કે-

**कर्माकर्मविकर्मेति वेदवादो न लौकिकः ।**
**वेदस्य चेश्वरात्मत्वा त्तत्रमुह्यंतिसूरयः ॥**
[ भा. ११-२१-४३ ]

અર્થ- કર્મ અકર્મ અને વિકર્મ એ વેદવાદ છે. લૌકિક વાદ નથી. અને વેદ ઇશ્વર સ્વરૂપ હોવાથી તે વિષે જ્ઞાની પુરૂષો પણ મોહ પામે છે.

આચાર્યવર્યે કહ્યું છે કેઃ-

**असंदिग्धेऽपि वेदार्थे स्थूणाखननवन्मतः ।**
**मीमांसानिर्णयः प्राज्ञे दुर्बुद्धेस्तु ततो द्वयम् ॥**
( त. दी. नि. २. २९ )

અર્થ—જો કે (પાઠદશામાં)વેદનો અર્થ સંદેહ વિનાનો છે, તો પણ, પ્રાજ્ઞને વિષે મીમાંસાનિર્ણય સ્થૂણાખનન જેવો મનાએલ છે. પણ દુર્બુદ્ધિને તો મીમાંસાનિર્ણય સંદેહના અભાવ અર્થે અને દૃઢતા અર્થે આમ બન્નેરીતે છે.

અગરતો જ્ઞાનીઓને ઉપર કહેલા વિચારની સિદ્ધિ કરાવનાર હોવાથી (તેગના પ્રતિ) શાસ્ત્રનું સાર્થકય છે. જે ઉપદેશ કરે છે તે શાસ્ત્ર કહેવાય છે. આવું શાસ્ત્ર તે વેદ છે. અને તે नेह नानास्ति किंचन (बृ. ४. ४. १९) सर्वं खल्विदं ब्रह्म (छां. ३. १४ १) એ વિગેરે શ્રુતિરૂપ છે આ પ્રકારનો વેદ વિચારના અર્થના સિધ્ધિ કરાવનાર હોવાથી તેની સાર્થકતા ગણાય છે. અન્યથા શાસ્ત્રનું વ્યર્થત્વ ઠરે છે. આ અર્થનું સમર્થક પ્રમાણ આપતાં શ્રી હરિરાયજી જણાવે છે કે આ કારણથીજ શ્રીમદાચાર્યચરણે કહ્યું છે કે આ સર્વ (પ્રપંચ) શ્રી કૃષ્ણની પેઠે અખંડ છે." કેમકે અખંડ અદ્વૈત બ્રહ્મનોજ સિદ્ધાંત શાસ્ત્રમાં છે.

ઉપર કહેલ વિષયનો ઉપસંહાર કરતાં શ્રીહરિરાયજી કહે છે કે "ઉપરના કારણથી બ્રહ્મ અદ્વય અને સર્વરૂપ છે, એમ સિદ્ધ થાય છે." અર્થાત્ પોતાની ક્રીડા માટે પોતેજ આધારરૂપ હોઇને પ્રપંચરૂપને સંપાદન કરવા માટે તેજ રૂપથી પોતેજ આવિર્ભાવ પામેલા છે. તેથી બ્રહ્મ સર્વરૂપ અને અદ્વય છે એમ સિદ્ધ થાય છે. અર્થાત ઉપર કહેલી શ્રુતીઓના તાત્પર્યરૂપ પ્રમાણ બલથી બ્રહ્મ સર્વરૂપ હોવાથી અખંડ અને અદ્વૈત છે, એમ સિદ્ધ થાય છે.

**શંકા–** જો આ પ્રમાણે પ્રપંચ ભગવત્રૂપ છે, તો, મુમુક્ષુને સાધનોના ઉપદેશમાં તે (પ્રપંચ) ના ત્યાગનો ઉપદેશ શાસ્ત્રોમાં કેમ ઘટી શકે?

**સમાધાનઃ–** (હેયત્વનો ઉપદેશ શાસ્ત્રમાં આપવામાં આવ્યો છે) તે વાત ખરી પણ તે ઉપદેશ (પ્રપંચના ત્યાગ માટે નહિં. પણ) આ પ્રપંચ કે જે પોતાની ક્રીડા માટેજ સૃજ્યો છે, તેમાં જે વિચિત્ર રૂપો છે.

તેને વિષે જીવોને આ પોતાના છે એવા પ્રકારના મમત્વથી જે આસક્તિ ભ્રમ થાયછે. તેનું નિવારણ કરવા માટેજ આપવામાં આવેલો છે. અન્યથા, મુક્તિ કરતાં પણ અધિક એવા ભક્તોને અગર બીજાઓને, ભજનમાં ઉપયોગી ગણીને પ્રપંચનો પરિગ્રહ ન થવો જોઇએ. અથવા તો બ્રહ્મવિત્ પુરૂષોને બ્રહ્મની પ્રતીતિ થયા પછી તે ( પ્રપંચ ) ના અત્યાગની બુદ્ધિ ન થવી જોઇએ. માટે ભ્રમને લીધે જે આસક્તિ પ્રપંચમાં થાય છે, તેનું નિવારણ કરવા સારૂંજ શાસ્ત્રમાં હેયત્વનો ઉપદેશ છે, એમ અમે જાણીએ છીએ.

વિવેચનઃ-શંકાકાર શંકા કરે છે કે,-

इभा रामाःसरथाःसतूर्या न हीदृशा लंभनीया मनुष्यैः ।
स्वाराज्यतुष्ट उपशान्त इदं विजह्यात् ॥
(क. ठ. ११. २९ )

આવા પ્રકારના હસ્તિઓ, સ્રીઓ, રથો, ઘોડાઓ મનુષ્યોએ મેળવવા લાયક નથી. પણ સ્વારાજ્ય (સ્વરૂપ પ્રાપ્તિરૂપ રાજ્ય ) થી તુષ્ટ અને ઉપશાંત એવા તેમણે આ પ્રપંચને ત્યજવો જોઇએ આ પ્રકારે મુમુક્ષુઓ પ્રતિ સાધનના ઉપદેશમાં પ્રપંચનું હેયત્વ વેદાદિ શાસ્ત્રમાં કહેલું છે, તે જો આ પ્રપંચ ભગવદ્ રૂપજ હોય તો વેદાદિકમાં તેનું હેયત્વ શા માટે કહે ?

સમાધાન કરતાં શ્રીહરિરાયજી કહે છે કે ખરી વાત છે. એટલે કે શાસ્ત્રમાં હેયત્વનો ઉપદેશ છે, એટલી અર્ધીવાત સાચી છે. જો કે શાસ્ત્રમાં હેયત્વનો ઉપદેશ છે, પણ તેથી તમે (શંકાકાર)

ધારોછો તે પ્રમાણે પ્રપંચનું ભગવાનૂથી અતિરિક્તપણું એટલે મિથ્યાપણું પ્રાપ્ત થતું નથી; પણ તે ઉપદેશ અન્યપ્રયોજનાર્થે છે. આ પ્રપંચસૃષ્ટિ પોતાની ક્રીડાના પ્રયોજન માટેજ છે. એ પ્રમાણે જ્યારે પ્રપંચસૃષ્ટિ ક્રીડાના પ્રયોજન અર્થેજ છે, તો પછી પ્રપંચનુ શ્રી ભગવાનૂથી અતિરિક્તત્વ-મિથ્યાત્વ ઠરતું નથી; પણ ભગવદ્ રૂપજ સિદ્ધ થાય છે. અન્યથા ભગવાનૂની ક્રીડાનું પણ મિથ્યાત્વ માનવું પડશે; અને **एकोऽहं बहु स्याम्** હું એક રૂપ છું. તે બહુ થાઉં. એવા પ્રકારની ઇચ્છા પણ મિથ્યા થતાં, સત્ય સંકલ્પાદિ ધર્મોની ઉપપત્તિ થશે નહિં. તેથી સિદ્ધ થાય છે કે શાસ્ત્રમાં પ્રપંચનું હેયત્વ જે લખેલ છે, તે પ્રપંચ મિથ્યા છે, માટે નહિં, પણ અન્ય પ્રયોજન અર્થે છે. હવે તે પ્રયોજન દર્શાવે છે કે, સ્ત્રી, પુરૂષ, યુવાન, બાલ વૃદ્ધ વિગેરે વિચિત્ર પ્રકારવાળી આ પ્રપંચરૂપ સૃષ્ટિમાં અવિદ્યાવશ જીવોને બંધુ, મિત્ર વિગેરે રૂપોમાં " હું એમનો છું." " એ મારા છે, " એવા પ્રકારની સ્વકીયપણાની તથા સ્વકીય સંબંધરૂપ આસકિત-પ્રીતિ થાય છે. આ આસકિત મિથ્યારૂપ હોવાથી ભ્રમરૂપ છે. એવા પ્રકારના અધ્યાસનુંજ મિથ્યાત્વ હોવાથી શાસ્ત્રમાં તેનું હેયત્વ કહેવાગાં આવ્યું છે. અને **कस्य के पतिपुत्राद्या मोह एव हि कारणम्** પતિ પુત્ર વિગેરે કોણ કોના છે. મોહજ અત્ર કારણ છે. એ વાકયથી આસકિત અનર્થ જનક હોવાથી. દોષરૂપ પણ છે, એમ કહ્યું છે.

**अहं ममेति स्वीकृत्य करोति कुमतिर्मतिम् ।** ( ભા. ૧૧ )
આ હું છું; અને આ મારૂં છે; એવા પ્રકારના અધ્યાસનો સ્વીકાર કરીને કુમતિ પોતાની બુદ્ધિને પ્રેરે છે. એ વિગેરે વાકયોમાં, એવા પ્રકારના ભ્રમની નિન્દા શ્રવણ થતી હોવાથી, આસકિતરૂપ ભ્રમ દોષના નિવારણ માટે શાસ્ત્રમાં પ્રપંચના હેયત્વનો ઉપદેશ ઘટી શકે છે.

હવે જો એમ ન માનીએ તો શું બાધ આવે છે, તે શ્રીહરિરાયજી યુક્તિ પુરઃસર સમજાવે છે કે, જો હેયત્વનો ઉપદેશ આસક્તિ ભગના નિવારણ માટે છે, એમ ન માનીએ તો મુક્ત પુરૂષોથી અધિક એવા ભક્તોને માટે પ્રપંચનું જ્ઞાન ભજનમાં ગણીને શાસ્ત્રમાં વિહિત ગણાત નહીં.

ભક્તો મુક્તોથી અધિક છે, તે વિષે કહે છે કે, **भजतां मुकुंदो मुक्तिंददाति कर्हिचित्स्म न भक्तियोगम** (भा. ५. ६. १८) ભગવાન્ મુકુંદ ભજન કરનારાઓને મુક્તિનું દાન કરે છે. પણ કોઇ વખત ભક્તિયોગ આપતા નથી. એ વિગેરે વાક્યોથી સિદ્ધ થાય છે કે, ભગવાન્ જેઓને ભક્તિ આપે છે, તેઓ મુક્તથી અધિકજ છે; અને તેઓ અતઃકરણ પૂર્ણપુરૂષોત્તમની ચરણ સેવામાંજ પરાયણ હોય છે. આ ભક્તિ પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવનાર છે. પણ તે પ્રવચન વિગેરે સાધનોથી સિદ્ધ થતી નથી.

**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन**
**यमेवैष वृणुते तेन लभ्यः ।**
(क. ठ. १. २. २२. मु. ३. २. ३.)

અર્થ– આ આત્મા પ્રવચન, બુદ્ધિ તેમજ બહુ શ્રવણ કરવાથી પણ પ્રાપ્ત થતો નથી. પણ જેનું પરમાત્મા વરણ કરે છે, તેનાથીજ તે પ્રાપ્ત કરી શકાય છે. આ શ્રુતિ ભક્તિથીજ પરમાત્મા મળેછે, અન્ય સાધનોથી નથી મળતા, તેમાં પ્રમાણભૂત છે. અને મુક્તિનો **तपसा ब्रह्म विजिज्ञासस्व ।** (तै. ३- २-) તપ વડે તું બ્રહ્મને જાણ એ શ્રુતિથી તપસ્ વિગેરે સાધનથી સાધ્ય છે. એ રીતે પ્રથમ સાધનાદિથી મુક્તિને પામેલા ભક્તોને જયારે તીવ્ર વિરહભાવ થાય છે, ત્યારેજ ભગવાનની કૃપાથી

ચરણનો અધિકાર તેઓને મળે છે. આ જે વ્યવસ્થા કહી તે જ્ઞાનીભક્તો વિષેની છે. પુષ્ટિ ભક્તોતો પ્રથમથીજ નિઃસાધન હોઇને પુરૂષોત્તમ સેવાપરાયણ અંતઃકરણવાળા હોયછે. આ પુષ્ટિભક્તોને વરણ અધિકારની પ્રાપ્તિ તો જ્યારે પૂર્વે ભગવાને તેઓને સૃજ્યા, ત્યારથીજ છે કેમકે તેઓ કાયિક સૃષ્ટિ રૂપ છે. એમ **पुष्टि कायेन निश्चयः ( पु. प्र. म. ९ )** કાયા વડે પુષ્ટિભક્તોને ઉત્પન્ન કર્યા છે, એ શ્રીમદાચાર્યચરણના વચન વડે સિધ્ધ થાય છે. તેમજ **स वै नैव रेमे [ बृ. १. ४. ३. ]** તે રમતા નહોતા **तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत [ बृ. १. ४. ३ ]** પોતે એકલા રમણ કરતા નથી; તેથી બીજાની ઇચ્છા કરતા હતા **स हैतावानास [ बृ. १. ४ ३ ]** તે પરમાત્મા આવા પ્રકારે થયા. વિગેરે શ્રુતિઓથી તથા **भिन्नैव काचित्सा सृष्टिर्विधातुर्व्यतिरेकि-णी [ वा. पुराण ]** વિધાતાના વ્યતિરેકવાળી તે સૃષ્ટિ કોઇ જુદીજ છે. એ વારાહ પુરાણના વાક્યથી પણ ઉપર મુજબ સિધ્ધ થાય છે. જ્ઞાનીઓતો છેવટેજ મુક્તથી અધિક ભક્તત્વ પ્રાપ્ત કરે છે. પરંતુ આ પુષ્ટિભક્તો તો પૂર્વથીજ મુક્તાધિક સંપત્તિવાળા છે. કેવળ જ્ઞાનીઓ માત્ર મુક્તજ છે; ભક્ત નથી **नाहं प्रकाशः सर्व-स्य योगमायासमावृतः [ भ. गी. ७. २५ ]** યોગમાયાથી ઢંકાએલો એવો હું સર્વને પ્રકાશ થતો નથી. **ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ( भ. गी. १२. ४ )** સર્વ પ્રાણિઓના હિતમાં આનંદ લેનારા તેઓ મનેજ પામે છે. એ વિગેરે ભગવદ્ગીતાના વાક્યોથી ભગવાને જ્ઞાની અને ભક્તનો વિવેક દર્શાવ્યો છે. તેમજ **ज्ञानी चेद्भजते कृष्णं तस्मान्नास्त्यधिकः परः [त. दी. नि. ११६]** જ્ઞાની જો કૃષ્ણને ભજે તો તેથી અધિક અન્ય કંઇ નથી. એ પ્રશંસા વાક્ય પણ આચાર્યશ્રીએ કહ્યું છે અને એજ કારણથી

શ્રીમદાચાર્યે તત્વદીપમાં કહ્યું છે કે तदुपासनया ज्ञानात् परमाऽऽत्मत्वमस्य हि । [ त.दी-नि- २-१०३ ] તેના નિદિધ્યાસન બીજ જ્ઞાન થાય છે; તેથી આ [અધિકારિનું] પરમાત્મત્વજ છે. માત્ર અક્ષરપણું નથી. જ્ઞાન માર્ગમાં એ અક્ષર બ્રહ્મજ સેવ્ય છે; એમ સૂત્ર ભાષ્યમાં, આનંદમય અધિકરણમાં વિસ્તારથી કહેલ છે. તેમજ गतेरर्थवत्त्वमुभयथान्यथा हि विरोधः

[ ब्र.सू. ३–३–२९ ]

ઉભયથી મર્યાદા પુષ્ટી ભેદથી, જ્ઞાન ફલજનક છે; આમ અંગીકાર ન કરીએ તો વિરોધ પ્રાપ્ત થાય છે.

એ સૂત્રથી તૃતીય અધ્યાયમાં પણ તે મુજબ કહેલું છે. માટે ભુક્તાધિક ભકતો એટલે જ્ઞાની ભકતો તથા પુષ્ટભકતો અત્ર વિવક્ષિત છે, આવા ભકતોને તથા બીજાઓને એટલે અખંડ અદ્વૈતજ્ઞાનવાળા મુકત પુરૂષોને માટે આ પ્રપંચના પરિગ્રહનું વિધાન ભજનમાં ઉપયુકત ગણીને કહેવામાં આવ્યું છે, કે, इदं हि विश्वं भगवानिवेतरः [ भा–१९–२० ] આ વિશ્વ જાણે બીજા ભગવાન્ છે. क्रीडार्थ मात्मन इदं त्रिजगत् कृतं ते । [ भा–८–२२–२० ] હે ભગવાન્ આ ત્રણ જગત્ પોતાની ક્રીડા માટે તમે કરેલ છે. क्रीडाभाण्डं विश्वमिदम् ।

[ भा–४–७–४३ ]

આ વિશ્વ તમારી, ક્રીડાનું સ્થાન છે. पातालमेतस्य हि पादमूलम् ( भा. २–१–२६ ) કૃષ્ણભગવાનનું ચરણમૂલ પાતાલ છે. यावन्न जायेत परावरेऽस्मिन् विश्वेश्वरे द्रष्टरि भक्तियोगः तावत्स्थवीयः पुरुषस्य रूपं क्रियावसानं प्रयतःस्मरेत ॥

(ભા. ૨.૨.૧૪.) જ્યાં સુધી પરાવરરૂપ વિશ્વના ઇશ્વર અને ઇષ્ટરૂપ ભગવાન્‌ને વિષે ભક્તિ યોગ પ્રાપ્ત થાય નહિં, ત્યાં-સુધી ક્રિયાના અવસાનમાં પુરૂષના સ્થૂલરૂપનું-વિરાટ સ્વરૂપનું સાવધાન થઇને સ્મરણ કરવું.

એ વિગેરે વાક્યોમાં વ્યાસચરણે તથા શુકદેવે, પ્રપંચ ભગવદ્‌રૂપ હોવાથી તેનું ભગવદ્‌ભજનમાં ઉપયોગીપણું કરેલું છે. પરંતુ જો પ્રપંચનું મિથ્યાત્વ હોત તો તે (પ્રપંચ) ની લીલારૂપતા અને ઉપાસ્યતા તેઓ કેમ કહે? અર્થાત્ નજ કહે. તેથી સિદ્ધ થાય છે. પ્રપંચ જો મિથ્યા હોત તો તે ભગવદ્‌રૂપ છે, એવું પરિજ્ઞાન બ્રહ્મદ્રષ્ટિવાળાઓને જે થાય છે, તે ન થાત. હવે અન્ય હેતુ દર્શાવે છે કે બ્રહ્મવિદ પુરૂષોને બ્રહ્મની પ્રતીતિ થાય છે તેમને (પ્રપંચનું ભગવદ્‌રૂપત્વ જોવામાં આવતું હોવાથી,) પ્રપંચમાં હેયત્વ બુદ્ધિ થતી નથી. તેથી પણ પ્રપંચનું સત્યત્વ જ સિદ્ધ થાય છે, એજ કારણથી पातालमेतस्य (ભા. ૨. ૧. ૨૬.) વિગેરે વાક્યો શ્રીમત્ શુક વિગેરેએ કહેલાં છે, તેથી સિદ્ધ હોય છે કે, આ સર્વ પ્રપંચ બ્રહ્મ રૂપ છે, અને તેનું શાસ્ત્રમાં જે હેયત્વ કહેલું છે, તે આસક્તિ ભ્રમના નિવારણ માટેજ કહેલ છે.

આ પ્રમાણે સર્વ પ્રપંચની બ્રહ્મરૂપતા સિદ્ધ કરી અને હેયત્વ સંબંધી કહેલ વિરોધનો પરિહાર કર્યો તોપણ ઉપાસ્ય સ્વરૂપ તેનાથી ભિન્ન છે, એમ નિરૂપણ કરાએલ હોવાથી, પ્રતિવાદી શંકા કરે છે કે:—

(જ્યારે સર્વ પ્રપંચ બ્રહ્મરૂપ છે) ત્યારે વેદાન્તોમાં પ્રપંચનીજ ઉપાસ્યતાનો ઉપદેશ કરવો જોઇએ.

કેમકે તે મૂલરૂપ છે. તેમ છે (પ્રપંચરૂપનીજ ઉપા-
સ્યતા છે) એમ પણ કહી શકાય તેમ નથી. કેમકે
સર્વત્ર સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત [ બ્ર.સૂ. ૧-૨-૧ ] સર્વ
વેદાન્તમાં પ્રસિદ્ધ એવા બ્રહ્મનોજ ઉપદેશ છે. એ
અધિકરણથી વિરોધ પ્રાપ્ત થાય છે. સમાધાનઃ- આવી
શંકા કરવી યોગ્ય નથી. કેમકે વેદાન્તોમાં ચિત્ત
શુધ્ધિના હેતુરૂપ હોવાથી, જ્ઞાન માટે ઉપાસનાનું નિ-
રૂપણ કરવામાં આવ્યું છે. પણ જ્યારે જ્ઞાન સિધ્ધ
થાય છે, ત્યારે ઉપાસનાનું નિરૂપણ નથી. તેમજ પ્ર-
પંચરૂપમાં સર્વાધિકત્વના જ્ઞાનનો અભાવ હોવાથી
ઉપાસના સિધ્ધ થતી નથી. તેથીજ અજ્ઞાનીઓનો
ઉદ્દેશ કરીનેજ પ્રપંચ ભિન્ન ( બ્રહ્મ ) ની ઉપાસ્યતા
કહેવામાં આવી છે. પરંતુ જ્યારે જ્ઞાન સિદ્ધ થાય
છે, ત્યારે સર્વત્ર બ્રહ્મસ્ફુર્તિ થાય છે, અથવા વરણ પ્રાપ્ત
થાય છે. એટલે ભકિત થાય છે, તે વખતે ઉપાસનાનો
અવસર રહેતો નથી. આ હેતુથી પ્રથમ ભેદ પૂર્વક
ઉપાસ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે, અને એ હેતુ-
થીજ **वासुदेवः सर्वम्** ( भ. गी ७-१९ ) આ સર્વત્ર
વાસુદેવ છે, એ ભગવદ્ વાકય ઉપન્ન થાય છે.

## વિવેચન.

પ્રતિવાદી શંકા કરે છે કે જ્યારે સર્વ પ્રપંચ બ્રહ્મરૂપ છે,
ત્યારે आत्मा वारे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासित-
व्यः ( बृ. २-४-५ बृ. ४-५-६ ) અરે, આત્માનું દર્શન

કરવું જોઇએ, શ્રવણ કરવું જોઇએ, મનન કરવું જોઇએ, નિદિધ્યાસન કરવું જોઇએ. આ વિગેરે ઉપાસના વિષયવાળા વેદાન્ત વાક્યોમાં પ્રપંચરૂપજ ઉપાસ્ય છે, એમ ઉપદેશ કરવો જોઇએ. કેમકે તમારા (સિદ્ધાન્તીના) મત પ્રમાણે તો તે (પ્રપંચ) મૂલ (ભગવદ્) રૂપ છે. પણ બ્રહ્મ સર્વરૂપ હોવાથી સર્વસ્વરૂપનીજ ઉપાસ્યતાનો ઉપદેશ સઘલે ઉપાસના વાક્યોમાં હો; આવી આશંકા કરીને કહે છે કે, તે વાક્યોમાં સર્વરૂપ બ્રહ્મનોજ ઉપદેશ હોવો જોઇએ. એમ કહેવું શક્ય નથી. કારણકે તેમ માનીએ તો **सर्वत्र प्रसिद्धोपदेशात्** (ब्र. सू. १–२–१.) એ અધિકરણનો વિરોધ આવેછે. આ સૂત્રનો આવો અર્થ છે કે સર્વત્ર વેદાન્ત વાક્યોમાં નિષ્ક્રિય, નિષ્કલ એ વિગેરે વાક્યોથી બોધિત પ્રસિદ્ધ બ્રહ્મનોજ ઉપાસ્યપણુંથી ઉપદેશ કરવામાં આવેલા છે, પણ પ્રપંચરૂપ બ્રહ્મનો ઉપાસ્યપણાથી ઉપદેશ કરવામાં આવેલો નથી આમ પ્રથમ અધ્યાયના દ્વિતીય ચરણના પ્રથમ અધિકરણથી વિરોધ પ્રાપ્ત થાય છે. તેથી સર્વ પ્રપંચનું બ્રહ્મત્વ ઘટી શકતું નથી.

પ્રતિવાદીની આ શંકાનું સમાધાન શ્રીહરિરાયજી કરે છે. કે, વેદાન્તોમાં ઉપાસનાનું નિરૂપણ ચિત્તશુદ્ધિદ્વારા જ્ઞાનના અર્થે કરવામાં આવેલું છે તેથી અજ્ઞાનીઓ પ્રતિજ પ્રપંચભિન્નની ઉપાસ્યરૂપતા કહેવામાં આવી છે, જ્ઞાનીઓ માટે કહેવામાં આવી નથી, કેમકે ખરી રીતે તો પ્રપંચરૂપ ઉપાસ્યરૂપથી ભિન્ન છેજ નહિં. જ્ઞાનીઓને, (ઉપાસ્યની] પ્રપંચ રૂપતામાં સર્વથી અધિકપણાના જ્ઞાનનો અભાવ હોવાથી ઉપાસના સિદ્ધ થતી નથી અને તેથીજ સિદ્ધ થાયછે કે, વસ્તુતઃ પ્રપંચ અને ઉપાસ્યની ભિન્નતા નથી; પણ બાલકોના અનુશાસન માટેજ ઉપાસ્યની ભિન્નતા કહેવામાં આવી છે; અને અન્યત્ર કહ્યું છે કે, **परोक्षवादो वेदो-**

ऽयं बालानामनुशासनम् [ भा. ११-११-४४ ] આ વેદ જે પરોક્ષવાદ રૂપ છે, તે બાલકોના અનુશાસન અર્થે છે. આમ માનવાથી द्रष्टव्यः श्रोतव्यः વિગેરે વાકયોનો નિર્વાહ થઇ શકે છે પણ पातालमेतस्य ( भा. २-१-२६ ) એ વિગેરે વાકયોમાં તો ભગવાનની પ્રપંચરૂપે પણ ઉપાસ્યતા નિરૂપણ કરવામાં આવી છે. આ હેતુથીજ, यावन्न जायेत परावरेऽस्मिन् ( भा. २-२-१४ ) જ્યાં સુધી પરાવર વિશ્વેશ અને દૃષ્ટારૂપ ભગવાનને વિષે ભકિત યોગ થતો નથી, ત્યાં સુધી ક્રિયાની સમાપ્તિમાં પુરૂષના સ્થૂલરૂપનું સ્મરણ કરવું, એમ, શુકદેવે કહેલું છે. જયારે જ્ઞાન સિદ્ધ થાય છે, ત્યારે જો તે જ્ઞાનવાન્ કેવળ જ્ઞાની હોય છે, તો તો તેને સર્વત્ર બ્રહ્મસ્ફુર્તિ થાયછે. આ જ્ઞાન પછી જે સંમાપ્તિ થવાની હોય તે તેમના અધિકાર ઉપર આધાર રાખે છે. માટે કેવલ જ્ઞાનીઓને તેમજ જેમને (ભકિત વિષયક) અધિકાર સિદ્ધ છે, તેમને ભકિત પ્રાપ્ત હોવાથી ઉપાસનાનો અવસર નથી. એટલા માટેજ પ્રથમ કહેલી રીતે શાસ્ત્રમાં ભેદ પૂર્વક ઉપાસ્યનું વર્ણન કરેલું છે. એ વાતને સમર્થન કરતાં શ્રી હરિરાયજી ભગવદ્વાકય દર્શાવે છે કે वासुदेवः सर्वमिति, स महात्मा सुदुर्लभः ( भ. गी. ७-१९. ) આ સર્વ વાસુદેવ છે. એવા પ્રકારના જ્ઞાનવાળો જે મહાત્મા પુરૂષ છે, તે અત્યન્ત દુર્લભ છે. તેમજ स सर्वविद्भजति मां सर्वभावेन भारत (भ. गी. १५ ) હે ભારત સર્વને જાણનાર તે મને સર્વ ભાવથી ભજે છે, એ વાકયનું અત્ર સંગ્રહણ કર્યું છે.

આ પ્રમાણે બ્રહ્મના સદંશરૂપ હોવાથી જડાત્મક પ્રપંચનો બ્રહ્મથી અભેદ છે, એવું નિરૂપણ કર્યું. અને જીવોનો અભેદ તો तत्त्वमसि ( छा. ६-८-७ ) એ વિગેરે વાકયોથી ચિતૂના સજા-

ત્રીયપણાથી નિર્વિવાદ છે. તેથી અહીં કહેવામાં આવ્યો નથી તોપણ જો જીવ અને બ્રહ્મનું ઐક્ય હોય તો ભજનની ઉપપત્તિ થતી નથી, એવી શંકા દુર કરવા સારૂ શ્રીહરિરાયજી પ્રથમ તેવી શંકા કરે છે.

શંકાઃ—ઉપર પ્રમાણે શુદ્ધ બ્રહ્મવાદમાં જીવોની બ્રહ્મરૂપતા હોવાથી ભજનની ઉપપતિ થઇ શકતી નથી. સમાધાનઃ- જીવોની તદ્‌રૂપતા ( બ્રહ્મરૂપતા) અંશ-પણાથી કહેવામાં આવી છે. અંશીપણાથી નથી કહી, કેમકે બ્રહ્મવાદમાં સર્વ બ્રહ્મની સર્વાત્મતા તે તે રૂપ વડે કહેલી છે. इन्द्रो मायाभिः पुरुरूप ईयते( बृ. २-५-१९) ઈંદ્ર શકિતવડે બહુરૂપ દેખાય છે. આ શ્રુતિ અત્ર પ્રમાણ છે. તેથી જે સહજ અંશો છે, તેમને પોતાની પૂર્વ સ્થિતિ પ્રાપ્ત કરવા અર્થે ભજનની ઉપ-પત્તિ થઇ શકે છે, એવો ભાવ છે.

શંકાઃ—એ પ્રમાણે હોય તો પણ માત્ર ભજનસાંજ પર્યવસાન પામતા પુષ્ટિમાર્ગમાં નિવારણ કરવા યોગ્ય દો-ષોનો અભાવ હોવાથી ભજનની ઉપપત્તિ થતી નથી. સમાધાનઃ-નિવારણ કરવા યોગ્ય દોષોનો અભાવ છે, તો પણ પુરૂષોત્તમના અંશરૂપ તે જીવો કે જેઓ લીલા અર્થેજ તેમનાથી વિયોગ પામેલા છે, તેમને પુનઃ સંબંધથી ફ-લનો અનુભવ થવા અર્થે ભજનની આવશ્યકતા છે.

## વિવેચન.

શુધ્ધ બ્રહ્મવાદમાં સર્વત્ર બ્રહ્મરૂપતા હોવાથી કોઇ સ્થાને તારતમ્ય નહીં હોવાને લીધે ભજનની ઉપપત્તિ થઇ શકતી નથી. કારણ શ્રુતિ કહે છે કેઃ-

**स एकाकी न रमते ( बृ. १–४–३– ).**

તે એકલા હોઇને રમણ કરતા નથી. અથવા તો ભગવદ્રૂપ સિધ્ધ થતાં ભજનનું પ્રયોજન રહેતું નથી. તેથી અનુપપત્તિ થાય છે. આ શંકાના સમાધાનમાં કહે છે, કે, જીવો બ્રહ્મના અંશરૂપ હોવાથી, તેઓની ભગવદ્રૂપતા તો છે; પણ તેઓ કાંઇ અંશીરૂપ નથી. જીવોનું અંશત્વ નીચેનાં સૂત્ર, તથા સ્મૃતિ અને શ્રુતિથી સિદ્ધ થાય છે.

**अंशो नानाव्यपदेशात् ( बृ. सू. २–३–४६ ).**

**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ( भ. गी. १५–७ ).**

જીવલોકમાં મારોજ અંશ સનાતન જીવરૂપે થએલ છે. તથા **यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येव मेवास्मादात्मनः सर्वे प्राणाः ।**

જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગો ( તણખાઓ ) ઉડે છે, તેજ પ્રમાણે આ આત્મામાંથી સર્વે પ્રાણો--જીવો વ્યુચ્ચરણ પામે છે. તેથી જીવોનું અંશિત્વ સિદ્ધ થાય છે, અંશ એટલે સમૂહનો એક દેશ આ અંશરૂપ જીવોને પોતાના પૂર્વ ભાવની પ્રાપ્તિ માટે તથા અવિદ્યા દોષની નિવૃત્તિ માટે ભજન કરવાની જરૂર છે. હાલ તોઃ-

**पराभिध्यानात्तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ।**
**( ब्र. सू. ३–२–९ ).**

પરની ઇચ્છાથી તે (જીવ) ના ઐશ્વર્યાદિ તિરોહિત થએલ છે: તેથી ખરેખર તને બંધ અને વિપર્યય પ્રાપ્ત થએલ છે. આ સૂત્રથી જીવોના ઐશ્વર્ય વિગેરે તિરોભાવ પામેલ છે, તેથીજ ભજન વિગેરે થઇ શકતું નથી. તેમજ:—

**नायमात्मा बलहीनेन लभ्यः ( मुं ३–२–४ ).**

આ આત્મા (ભકિતરૂપી) બલરહિતથી પ્રાપ્ત થઇ શકે એગ નથી. આ શ્રુતિથી સિદ્ધ થાય છે, કે, ઐશ્વર્યાદિ રહિતથી આત્મા પ્રાપ્ત કરી શકાય તેમ નથી. માટે ફરીથી ઐશ્વર્ય વિગેરે ભાવની સંપત્તિઅર્થે, તેમજ, અવિદ્યારૂપ દોષની નિવૃત્તિને અર્થે ભજનની આવશ્યકતા છે, એમ સિધ્ધ થાય છે.

રાશી (સમૂહ)ના એક ભાગરૂપ અંશ છે. સમૂહથી વિભાગ પાડનાર અવિદ્યા છે. અવિદ્યાથી ભગવાનનો વિયોગ પ્રાપ્ત થાય છે. તેથી અવિદ્યા દોષરૂપ છે. માટે દોષરૂપ અવિદ્યાની નિવૃત્તિ-અર્થે પણ ભગવાનના ભજનની આવશ્યકતા છે. અત્ર શંકા થાય છે કે, જ્યારે ઐશ્વર્ય વિગેરે ભાવની પ્રાપ્તિ થાય, અને અવિદ્યા દોષ નિવૃત્ત થાય, ત્યારે પોતાની ભગવદરૂપતા સિધ્ધ થએલી હોવાથી તે સમયે તો ભજનની અયોગ્યતા રહેવાનીજ; પણ આ શંકા વ્યાજબી નથી. કેમકે તે સ્થિતિમાં પણ ભાગવદકૃત તારતમ્ય ભાવ કહેલો છે.

**स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ।**
**तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥**
**( पु-ग-म–१३ )**

અર્થઃ—સ્વરૂપ વડે, અવતાર વડે, ચિન્હ વડે અને ગુણ વડે તેઓના સ્વરૂપમાં, દેહમાં અને ક્રિયામાં તારતમ્ય નથી:— એ શ્રીમદાચાર્યની ઉક્તિમાં મુખ્ય ભક્તોનું ભગવાનના દેહ તથા ગુણની સાથે ભગવાનના અવતારની પેઠે સામ્ય છે, એમ દર્શાવવામાં આવ્યું છે. કારણ કે તે જીવોનો દેહ અને ગુણો સહિતજ આદુર્ભાવ થાય છે. નૃત્ય વિગેરે સામર્થ્યની વિદ્યમાનતા હોવાથી ભગવાનની સાથે ચિહ્નનં સમાનતા છે ગુણો એટલે સૌન્દર્ય વિગેરે તેમનું સામ્યતો **ब्रह्मैव सन् ब्रह्माप्येति.** બ્રહ્મજ હોઇને બ્રહ્મનેજ પામે છે. એ શ્રુતિથી સ્પષ્ટજ છે. આ પ્રમાણે જો કે ભગવાનની સાથે સમાનતા છે, તોપણ ભગવત્કૃત તારતમ્ય ભજનમાં છે એમ માનવું જોઇએ. કારણ કે ઉત્કર્ષ અને અપકર્ષ-મોટાઇ અને નાનપણું- તેના વૈચિત્ર્ય વિના સારી રીતે રમણની સિદ્ધિ થઇ શકતી નથી. તેથીજ શ્રીમદાચાર્યચરણ આગળ કહે છે, કે, **तथापि यावता कार्यं तावत्तस्य करोति हि । [ पु-प्र-म-१८ ]** તોપણ જેટલા તારતમ્ય વડે તેઓને પ્રકટ કરવાનું કાર્ય સિદ્ધ થાય છે, તેટલું તારતમ્ય કરે છે. એજ કારણથી બાલલીલા વિગેરે લીલાઓ યોગ્યરૂપવાળી છે. એ પ્રમાણે હોવાથી ભજનની ઉપપત્તિ સુખે કરીને થઇ શકે છે, અને તેમ હોવાથી પુષ્ટિ, પુષ્ટિ પુષ્ટિ, અને મર્યાદા એ ત્રણ પ્રકારના અધિકારમાં જેને જે અધિકાર સિદ્ધ થયો હશે, તેને सेवाफल નામના ગ્રંથમાં કહ્યા મુજબ અલૌકિક સામર્થ્ય પુરૂષોત્તમ સાયુજ્ય, અને વૈકુંઠ વિગેરે સ્થાનમાં સેવોપયોગી દેહ એમ યથાયોગ્ય ફલ મળે છે, એવો ભાવ છે, એટલે શ્રુતિનો એવો ભાવ છે. અત્ર ફરી શંકા થાય છે કે,

**तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः**
**न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयोभवेदिह॥**
( भा. ११-२०-३१ )

અર્થ-તે માટે મારી ભકિતવાળા મારામાંજ ચિત્તવાળા યોગિ-ઓને જ્ઞાન અને વૈરાગ્ય ઘણું કરીને શ્રેયરૂપ થતાં નથી.

એ વિગેરે વાકયો વડે સિદ્ધ થાય છે કે, કર્મ, જ્ઞાન અને ઉપાસના જેમાં અનાવશ્યક છે. એવો આ પુષ્ટિમાર્ગ માત્ર ભજ-નમાંજ પર્યવસાન પામે છે.

**पोषणं तदनुग्रहः ( भा. २–१०–४ ).**

તે ભગવાનનો અનુગ્રહ તેનું નામ પુષ્ટિ. આ વાકયના આ-ધારે પુષ્ટિ એટલે પોષણ અર્થાત્ અનુગ્રહ એવો થાય છે. માર્ગ શબ્દ અર્થ "ભકિતમાર્ગ" માં "માર્ગ" નો જે અર્થ કર્યો છે, તેમજ સમજવો. આ પ્રકારનો પુષ્ટિમાર્ગ કે જેમાં પર્યવસાને માત્ર ભજનજ પ્રાપ્ત થાય છે, તેમાં નિવારણ કરવા યોગ્ય અ-વિદ્યાના ગુણરૂપ કામાદિ દોષોના નિવારણની આવશ્યકતા નહિં હોવાથી ભજનની ઉપપત્તિ થઈ શકતી નથી.

**अपिचेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।**
**साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः॥ (भ. गी. ९-३०)**

તે દુરાચારી હોય તોપણ જો મને અનન્યતાથી ભજતો હોય તો તેને સાધુ માનવો. કારણકે રૂડા નિશ્ચયવાળો છે. એ શ્રી ભગવદ્વાકયથી તેમજ અજામિલ વિગેરેને પણ શ્રેયની પ્રાપ્તિ શાસ્ત્રમાં કહેવામાં આવી છે, તેથી સિદ્ધ થાય છે કે આ પુષ્ટિ-માર્ગમાં અવિદ્યાના ગુણરૂપ કામાદિ દોષો નિવારણીય નથી. એ પ્રમાણે જયારે આકસ્મિત રીતે કલ્યાણ સિદ્ધ થતું હોય તો પછી ભજનનું કાંઈ પ્રયોજન ન રહેતું હોવાથી ભજનની ઉપપત્તિ સિદ્ધ થતી નથી.

પણ આ પ્રકારની શંકા યોગ્ય નથી. કેમકે નિવારણ કરવા યોગ્ય દોષોનો અભાવ હોવા છતાં, પણ આ પુષ્ટિમાર્ગ પુરૂષોત્તમ-થી વિયુક્ત થએલા જીવોને ફરીથી ભગવત્ સબંધવડે ભગવાન્‌નો અનુભવ કરાવનાર હોવાથી, આ માર્ગમાં ફલના અનુભવરૂપ પ્રયોજન ભજનનું છે એમ સિદ્ધ થાય છે, કેમકે લીલાને અર્થેજ તે જીવોને ભગવાને વિયુક્ત કરેલા છે, તેથી ભજનની આવશ્ય-કતા છે. તેથી ભજનનું પ્રયોજન સિદ્ધ થતાં તેની ઉપપત્તિ ઘટી શકે છે.

"અને અવિદ્યાની નિવૃતિ અર્થે" ભજનની આવશ્યકતા છે, એ જે પ્રયોજન કહ્યું છે, તે નિરર્થક છે. કેમકે અવિદ્યાની નિવૃત્તિ થવાથીજ ફળનો અનુભવ થાય છે.

તેમજ એમ પણ ન કહેવાય કે રાસલીલામાં કામાદિ ગુણોની જરૂર હોવાથી તે ગુણોના કારણરૂપ અવિદ્યાની નિવૃત્તિ થતી નથી. કેમકે નિવૃત્તિ લૈકિક અવિદ્યાથી થાય છે અને રાસલીલા સમયે તો અવિદ્યા તથા તેના ગુણોનું અલૌ-કિકપણું હોય છે श्रिया पुष्ट्या गिरा कान्त्या कीर्त्या तुष्ट्येलयोर्जया विद्ययाऽविद्यया शक्त्या मायया च निषेवितम् ॥
(भा. १०-३९-५५.)

લક્ષ્મી, પુષ્ટિ, ગિરા, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, અને માયા શકિતથી સેવાયેલા (ભગવાન્ છે). એ વાકયથી પણ સિદ્ધ થાય છે કે તે સમયે અલૌકિક અવિદ્યાની નિવૃત્તિ થતી નથી.

અવિદ્યાશકિતનો સ્વભાવજ બંધન કરવાનો છે, તેથી રાસલીલાકાળે પણ જો તે રહેતી હોયતો તેનાથી બંધન પ્રાપ્ત થવું સંભવે છે આવી શંકા પણ યોગ્ય નથી. કેમકે લૌકિક અ-

વિદ્યાજ બંધનો હેતુ છે. પણ અત્ર તો તે પોતાનું લૌકિકપણું તજીને અલૈકિક ભાવને પામેલી હોવાથી બંધ થવાનો સંભવ રહેતો નથી તેમ विलज्जमानया यस्य स्थातुमीक्षापथेऽमुया । ( भा. २.५. १३. ) ભગવાનૂના ભક્તિમાર્ગમાં રહેવામાં પણ જે માયાશક્તિ લજ્જા પામે છે. એ વચનથી પણ સિદ્ધ થાય છે કે, અવિદ્યાની અધિષ્ઠાત્રી માયાશક્તિ ભગવત્ સંમુખ લજ્જા પામે છે તો અવિદ્યાતો લજ્જા પામે એમાં શું નવાઇ ? એ પ્રમાણે ભયને લીધે તથા લજ્જાને લીધે અવિદ્યા પોતાનો સ્વભાવ તજીને રાસલીલા પર્યંત ભગવાનૂનું અનુકુલજ કરે છે. વળી

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।
वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥
( भा. १०- २९.१ )

ભગવાન્ પણ શરદૃઋતુને લીધે મલ્લિકાના પુષ્પો જેમાં ખીલેલાં છે, એવી તે રાત્રીઓને જોઇને યોગમાયાનો આશ્રય કરી રમવાની ઇચ્છા કરતા હતા. એ વાકયથી ભગવાનૂનો આશ્રય કરીને અનુકુલ વર્તવાના સ્વભાવવાળી છે, એમ સિદ્ધ થાય છે. તેથી શંકાને લેશપણ અવકાશ નથી.

માટે લૈકિક સ્વભાવવાળી અવિદ્યાની નિવૃત્તિજ યોગ્ય છે. કેમકે તેની નિવૃત્તિ ન હોય તો ફલનાઅનુભવની સિધ્ધિ થતી નથી. તેથી અવિદ્યાની નિવૃત્તિની આવશ્યકતા હોવાથી તેને માટે ભજનની પણ આવશ્યકતા છે. તેથી ભજનની પણ આ માર્ગમાં ઉપપત્તિ થાય છે, તે સ્પષ્ટજ છે.

હવે એ પ્રમાણે જયારે અવિદ્યાની નિવૃત્તિઅર્થે તથા ફલના અનુભવઅર્થે ભજનની આવશ્યકતા છે, ત્યારે ભજન સાધનરૂપ છે, એમ શંકા થાય છે.

જો ભજનને સાધનરૂપ માનીએ તો પુષ્ટીમાર્ગના લક્ષણની ઉપપત્તિ થતી નથી. સમાધાન—ભજન ભાવરૂપ હોવાથી ફલરૂપ છે. તેથી તેનું સાધનપણું હોય તોપણ હાનિ નથી. કેમકે पुष्टिमार्गः स एव यत्र फलं स्वयमेव साधनम्. (श्रीमद् वल्लभाचार्य) તેજ પુષ્ટિમાર્ગ છે, જેમાં ફલ પોતેજ સાધનરૂપ છે. એમ શ્રીમહાચાર્યે વારંવાર કહેલું છે. એજ કારણથી પ્રથમ પ્રાદુર્ભાવ પામી, સંયોગનો અનુભવ કરાવીને વિરહવડે આંતર ભજન સંપાદન કરાવવા માટે ભગવાનનો મથુરાગમનરૂપ ત્યાગ કહેવામાં આવ્યો છે.

## विवेचन.

ઉપર પ્રમાણે જ્યારે ભજનને સાધનરૂપતા પ્રાપ્ત થાય છે, ત્યારે ફલ તેનાથી સાધ્ય છે, એમ હોવાથી અનુગ્રહરૂપ એકજ સાધ્યપણાનો અભાવ હોવાથી "પુષ્ટિનો માર્ગ તે પુષ્ટિમાર્ગ" એ વ્યુત્પત્તિ સાર્થક થતી નથી. અર્થાત્ તે માર્ગ વડે ભગવાન પ્રતિગમન થઇ શકતું નથી. કેમકે પુષ્ટિ કાંઇ પોતાની ક્રિયાથી સાધ્ય નથી. પણ ભગવાનની ઇચ્છાથીજ—રાજા અને સેવકની પેઠે સાધ્ય છે, માટે જેમાં સાધન વિના ફલ પ્રાપ્તિ થાય છે, તે પુષ્ટિ છે. માટે કર્મ, જ્ઞાન, ઉપાસના વિગેરેની પેઠે ભજન પણ સાધનરૂપ હોવાથી, અને પુષ્ટિમાર્ગ ભજનથી અસાધ્ય હોવાથી ભજનની પુષ્ટિમાર્ગમાં ઉપપત્તિ થઇ શકતી નથી.

આ શંકાના સમાધાનમાં કહેવાનું કે ભજન ભાવરૂપ છે. ભજન એ ભક્તિ શબ્દથી વાચ્ય ક્રિયારૂપ છે. પ્રકૃતિ (મૂલધાતુ) અને પ્રત્યય એ બને સાથેજ અર્થને દર્શાવે છે, તેમાં પણ પ્રત્યય

પ્રધાનતાથી દર્શાવે છે, એવો નિયમ છે. તેથી ધાતુ ધાતુના સામાન્ય અર્થને સૂચવવાનું સામર્થ્ય હોવા છતાં પણ **क्तिन्** પ્રત્યય જ્યારે **भज्** ધાતુની સાથે જોડાય છે, ત્યારે પ્રધાનપણે ભજનની ક્રિયાનો અર્થ દર્શાવે છે. આ ભજન ક્રિયા અત્ર સેવારૂપ સમજવાની છે. સેવા પદ સતત અથવા નિરંતર અર્થપૂર્વક કાયિક વ્યાપાર વિશેષ પરિચર્યાના અર્થમાં પ્રસિદ્ધ છે. "શ્રી સેવા," "ઔષધસેવા," વિગેરેમાં સેવા શબ્દનો પ્રયોગ જોવામાં આવે છે. **मत्सेवयाप्रतीतंच** (भा. ९-४-६७) મારી સેવાથી પ્રાપ્ત થતા સાલોકયાદિ ચતુષ્ટયને પણ મારા ભકતો ઇચ્છતા નથી; એ વિગેરે સ્વતંત્ર સેવા બોધક વાકયોથી પણ ઉપરનોજ અર્થ સિદ્ધ થાયછે. જલતાડનાદિ ક્રિયાઓની પેઠે કેવળ ક્રિયા નિષ્ફળ છે. માટે ભકિત શબ્દથી સેવારૂપ ભજન ક્રિયા પ્રેમપૂર્વક હોવી જોઇએ, એમ અભિવ્યકત થાય છે. કેમકે **मत्सेवयाप्रतीतंच** (भा. ९-४-६७) ઇત્યાદિ વાકયોમાં સેવાથી પૂર્ણતાનું કથન હોવાથી તે સેવા પ્રેમપૂર્વકજ હોવી જોઇએ, એમ સૂચવાય છે. તેમજ **वशीकुर्वंति मां भक्ताः सत्स्त्रियः सत्पतिं यथा** (भा. ९-४-६६) સત્સ્ત્રીઓ જેમ સત્પતિને વશ કરે છે, તેમ મારા ભકતો મને વશ કરે છે. એ વિગેરે વાકયોથી પણ દંપતિના દૃષ્ટાંતથી ભજન ક્રિયા–સેવા–પ્રેમપૂર્વક હોવી જોઇએ, એમ, પ્રાપ્ત થાય છે.

જો એમ ન સ્વીકારીએ તો સેવા શરીરને કલેશ ઉત્પન્ન કરનાર હોવાથી પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે, એ વચનનો ભંગ થાય છે, આમ હોવાથી ભજન ક્રિયામાં પ્રેમજ અપેક્ષિત છે અને પ્રત્યયના અર્થરૂપ છે, તેથી ભજન પ્રધાનપણે પ્રેમરૂપજ છે. અને તેમ હોવાથી ભાવરૂપ છે. કેમકે પ્રેમ મનનો ધર્મ છે. અને ભજન પ્રધાનપણે પ્રેમરૂપ છે. તેથી તે ભાવરૂપ છે, એમ સિદ્ધ થાય છે, એ પ્રમાણે વ્યાકરણ શાસ્ત્રની રૂઢિથી ભજનની

ભાવરૂપતા સિદ્ધ થાય છે. તેમજ **सापराऽनुरक्तिरीश्वरे** ( शा. सू. १-२ ) એ શાંડિલ્યસૂત્ર પ્રમાણે અનુરક્તિરૂપ ભક્તિ ભાવરૂપ છે, તેથી અનુરક્તિ શબ્દથી વાચ્ય અર્થમાં તે ભાવરૂપતા અભિવ્યક્ત થતી હોવાથી ભજનની પણ ભાવરૂપતા સિદ્ધ થાય છે. જે કારણથી ભજનની ભાવરૂપતા કહેવામાં આવી છે, તેજ કારણથી ભજન સાધનરૂપ તથા ફલરૂપ એમ બન્ને પ્રકારે સંભવી શકે છે. કેમકે ભાવ સિદ્ધ થાય, એટલે આગળ તે સિવાય અન્ય કાંઇ પણ ફલ મેળવવા યોગ્ય રહેતું નથી **अनिमित्ता भागवतीभक्तिः सिद्धेर्गरीयसी** ( भा. ३-२५-३३ ) એ તેના સ્વરૂપના લક્ષણથી તેમજ સિદ્ધ થાય છે.

ઉપર કહેલ પ્રેમભક્તિરસ તથા શ્રૃંગારરસના સ્થાયિભાવરૂપ છે. રસને અનુકુલ જે વિકાર તે ભાવ કહેવાય છે. આ પ્રેમ છેવટના સમય પર્યંત રહેતો હોવાથી તેને સ્થાયિભાવરૂપ કહેવામાં આવ્યો છે. અમે તેથીજ અપુષ્ટ અને પુષ્ટ પ્રેમજ સાધનરૂપ તથા ફલરૂપ છે તે યુક્ત છે. અપુષ્ટ એટલે ભાવરૂપ, અને પુષ્ટ એટલે રસરૂપ. એવી રસશાસ્ત્રની મર્યાદા છે. કહ્યું છે કે **स्थायी भावो रसःस्मृतः** ( र. शा. ) જે સ્થાયિ ભાવરૂપ છે, તે રસ કહેવાય છે. આમ છે, તેથી પુષ્ટ દશામાં અને અપુષ્ટ દશામાં રસત્વની ક્ષતિ થતી નથી. જેમ પૂર્વાવસ્થામાં અંકુરિત વૃક્ષની પ્રૌઢ અવસ્થામાં પણ વૃક્ષસ્થિતિ કાયમ રહે છે, તેમજ રસ પૂર્વાવસ્થામાં ભાવરૂપ હોઇને પશ્ચાત્ રસરૂપતા પામે છે. આ પ્રમાણેનો ભાવ ગ્રહણ કરીને શ્રીહરિરાયજી વદે છે કે "ભજનને સાધનરૂપ ગણીએ, તોપણ કંઇ ક્ષતિ નથી." અર્થાત્ ભજન કે જે ફલરૂપ છે, તે સાધનરૂપ હોય એટલે કે સાધન દશામાં હોય તોપણ તેથી તેની ફલરૂપતા જતી રહેતી નથી. એ પ્રમાણે ફલ રસરૂપ છે. અને તે ફલરસરૂપજ પૂર્વે રસભાવ-

રૂપે થઇને પોતાનું (રસરૂપે આવિર્ભાવ પામવાનું) કાર્ય સાધે છે. તેથી ફલરૂપ રસની જ આ [ સાધનરૂપ તથા ફલરૂપ ] બે દશાઓ છે. એમ માનવું ઉચિત છે. વસ્તુત:તો પ્રેમની પ્રેમ, આસક્તિ અને વ્યસન એવી ત્રણ અવસ્થા છે. અને તેથીજ શ્રીમહાચાર્ય પણ વદે છે કે **ततः प्रेम तथासक्तिर्व्यसनंच यदा भवेत् ( भक्तिवर्द्धिनी. ३. )** ભક્તિથી પ્રેમ તથા આસક્તિ તથા વ્યસન જયારે થાય છે ત્યારે તેને શાસ્ત્રમાં દ્રઢ બીજરૂપ કહેવામાં આવે છે.

આ મુજબ ભજનને સાધનરૂપે માનતાં કંઇ ક્ષતિ આવતી નથી તેગજ **पुष्टिमार्गः स एव यत्र फलं स्वयमेव साधनम् (पु. प्र. म. )** આમ શ્રીમહાચાર્યે વારંવાર કહેલું છે. તેનો અર્થ આ પ્રમાણે છે.

જયારે ભગવાન્ અનુગ્રહ કરે છે ત્યારે તેગને તેમાં કોઇ સાધનની અપેક્ષા નથી. પણ **किमलभ्यं भगवति प्रसन्ने श्रीनिकेतने [ भा. १०–३९–२ ]** લક્ષ્મીપતિ ભગવાન્ જયારે પ્રસન્ન થાય છે ત્યારે અલભ્ય શું હોય ? એ વચનથી જે મોટા સાધનથી પણ ન મળી શકે એવું હોય તે નિ:સાધનતાથી કેવળ ભગવાન્‌ના પ્રસાદ વડેજ પ્રાપ્ત કરવા યોગ્ય થાય છે. એ રીતે ભગવાન્ પોતેજ અનુગ્રહ કરીને ફલ આપે છે. દોષ બાહુલ્યથી પ્રથમ અપરિપૂર્ણ હોઇને દોષ બાહુલ્યની નિવૃત્તિરૂપ સાધન કાર્ય કરીને પુન- પૂર્ણતાથી રસરૂપ થાય છે. આ ભાવરૂપ તથા રસરૂપ ફલ ભગવાન્ પોતેજ છે. એવો સિધ્ધાન્ત છે. કારણ શ્રુતિ કહે છે કે **रसो वै सः ( तै-२-७)** તે રસરૂપ છે. ઉક્તિ પણ છે કે **स्थायी भावो रसःस्मृतः ( र. शा. )** એથી સિધ્ધ થાય છે કે ભગવાન્ પોતે ભાવરૂપ તથા ફલરૂપ હોવાથી, તેમને વિષે

સાધનરૂપતા અને ફલરૂપતા પણ એ બન્ને ઘટી શકે છે. એ કારણથીજ શ્રીમદાચાર્યચરણે भगवानेव हि फलम् [ पु-म-म. १७ ] ભગવાન્જ ફલ છે, એમ કહેલું છે. અને તેથી શ્રીમદ્ હરિરાયચરણે પણ फलं स्वमेयव પોતેજ ફલ રૂપ છે એમ જે કહેલું છે તે યુકતજ છે. તેમજ स्वस्वरूप बलेन स्वप्रमाणं पुष्टिः જેમાં પોતાના સ્વરૂપ બલથી જે પોતે પ્રમાણરૂપ છે, તેને પુષ્ટિ કહે છે, એમ જે કહ્યું છે, તે પણ યોગ્યજ છે. અને गतेरर्थवत्त्वम् [ ब्र. सू. ३-३-२९]જ્ઞાન ફલજનક છે....એ સૂત્રના ભાષ્યમાં પણ તેજ મુજબ પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેથી પુષ્ટીનું લક્ષણ આવું સિદ્ધ થાય છે કે साधनानपेक्षत्वे साति साधनानन्यफला पुष्टिः જેમાં સાધનની અપેક્ષા રખાતી નથી, છતાં જેમાં ફલ સાધ-નથી ભિન્ન નથી, તેને પુષ્ટિ કહે છે. શમ દમાદિ સાધનોની વ્યા-વૃત્તિ માટે સાધનની અનપેક્ષતા કહેવામાં આવી છે. અત્ર શ્રવ-ણાદિ નવ ભક્તિ સાધન છે, એમ શંકા કરવી નહિં; કેમકે તે ભકિત પ્રેમ સાથે અવિનાશી સંબંધથી જોડાએલી છે, તેથી ફલરૂપ છે, અને યથાક્રમે તેની ફલરૂપતા સંભવી શકે છે. અત્ર આચાર્ય હકિત પ્રમાણરૂપ છે તેમણે સુબોધિની વિગેરે ગ્રંથોમાં વારંવાર જણાવ્યું છે કે पुष्टिमार्ग स एव यत्र फलं स्वयमेव साधनम् આજ સિદ્ધાંતને લીલાના દ્રષ્ટાંતથી સમર્થન કરતાં શ્રી હરિરાયજી કહે છે કે પ્રથમ પ્રાદુર્ભાવ પામીને, સં-યોગનો અનુભવ કરાવી વિરહવડે આંતર ભજન સંપાદન કરાવવા સારૂ ભગવાન્નો મથુરાગમનરૂપ ત્યાગ શ્રીભાગવત વિગેરેમાં કહે-વામાં આવ્યો છે.

શંકા- જીવોનું અંશત્વ હોય, તોપણ તેઓ બ્રહ્માત્મક હોવાથી બ્રહ્મથી અન્યૂન છે. તેથી ભજનની અનુપપત્તિ પૂર્વવત્ કાયમ રહે છે.

શમાધાન- આ શંકા યોગ્ય નથી. एकोऽहं बहु स्याम् (तै. २-६-) એ શ્રુતિથી સિદ્ધ થાય છે કે ક્રીડાને માટે તેઓ ન્યુનતાયુક્ત જુદા જુદા અંશો રૂપે આ- વિર્ભાવ પામેલા છે, તેથી ભજનમાં કાંઇપણ અનુપપત્તિ આવતી નથી. કદાચ એમ કહોકે એમ માનવા છતાં પણ ભજનની ઉપપતિ થતી નથી, તો કહેવાનું કે ન્યૂનત્વથી યુકત હોઇનેજ તેઓનો આવિર્ભાવ થએલો છે.

## વિવેચન.

જીવો અંશરૂપ હોય તોપણ તેઓ બ્રહ્મસ્વરૂપ હોવાથી બ્ર- હ્મથી અન્યૂન છે, તેથી સેવ્ય સેવક સંબંધ સંભવતો નથી. અને તે કારણથી ભજનની ઉપપત્તિ ઘટતી નથી. આ શંકા યોગ્ય નથી. बहु स्याम् (तै. २-६-) એ શ્રુતિ મુજબ ક્રીડાને માટેજ તેવા પ્રકારનો આવિર્ભાવથએલછે, અર્થાત્ જીવોમાં ન્યૂનત્વ રહેલું છે. તો સેવ્ય સેવકભાવ ઘટી શકતો હોવાથી ભજનની અનુપપત્તિ થતી નથી.

અત્ર શંકા થાય છે કે સૃષ્ટિકાલે તો ઉચ્ચ નિચ ભાવથી પ્રાદુર્ભાવ પામવાની ઇચ્છા સંભવી શકે; પણ મુક્તિ દશામાં તો તેમ હોઇ શકે નહિં. તેથી ન્યૂનત્વ અવાસ્તવિક હોવાથી મુકિત- દશામાં અને જીવન્મુક્ત દશામાં તે અંશરૂપ જીવોનું બ્રહ્મની સાથે સામ્ય હોય છે. એમ સિદ્ધ થાય છે. નહિંતો લય થાય

છે. તેથી તે વખતે સેવ્ય સેવક ભાવને અવકાશ નહિં મળતો હોવાથી ભજનની અનુપપત્તિ પૂર્વવત્ કાયમ રહે છે. આના ઉત્તરમાં કહેવાનું કે તે જીવનો પ્રાદુર્ભાવ ન્યૂનત્વ વિશિષ્ટજ થએલો છે. તેથી ભજનની ઉપપત્તિ ઘટી શકે છે. અર્થાત્ આ પ્રાદુર્ભાવ પ્રથમથી તે અવધિ પર્યંત પુષ્ટિ સૃષ્ટિરૂપેજ ભગવાને વિચારેલ છે એમ વિવક્ષિત છે. અત્ર નીચે દર્શાવેલ શ્રુતિ પ્રમાણ ભૂત છે **एष उ एव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषाते एष एवासाधु कर्म कारयाति तं यमधो निनीषाति ।**

( कौ ३–९ ) જેને આ લોકથી ઉપર લઇ જવા ઇચ્છે છે, તેની પાસે આ ઇશ્વર સારાં કર્મ કરાવે છે. જેને નીચે લઇ જવા ઇચ્છે છે, તેની પાસે આ ઇશ્વર અસત્ કર્મ કરાવે છે, ઉપર પ્રમાણે ન માનીએ તો ભકિતમાર્ગનો ઉચ્છેદ થાય છે. અને તેમ થતાં मत्सेवया गतितंच भा-९–४–६७ ) એ વિગેરે વચનોનો વ્યાકોપ થાય છે.

એ રીતે જ્યારે જીવોનું ન્યૂનત્વ વાસ્તવિક છે, તો તે ન્યૂનત્વમાં વસ્તુ સ્વભાવજ કારણરૂપ છે, બ્રહ્મની ઇચ્છા કારણ નથી. એવી શંકાનો ભાવ મનમાં રાખીને શ્રીહરિરાયજી પ્રથમ શંકા પ્રકટ કરીને પછી તેનું સમાધાન આપે છે.

શંકા– ( ન્યૂનત્વ વાસ્તવ છે ) તો તે સબંધમાં ભગવાનની ઇચ્છાનું કારણપણું ઘટી શકતું નથી.

સમાધાન– આ શંકા યોગ્ય નથી. કેમકે આવિર્ભાવ થવામાં ઇચ્છા કારણરૂપે છે; પણ સ્વરૂપની અન્યથા કૃતિમાં તે કારણરૂપ નથી. માટે મુકિત કાળે પણ જીવની કૌસ્તુભરૂપે સ્થિતિ છે, તેથી એ સ્થિ-

તેને પણ ભૂષણરૂપ કહીને ન્યૂનતાવાળી સૂચવી છે. તો અન્ય જીવોની તો ન્યૂનતા હોય એમાં શું કહેવુ ? એમ કૈમુતિક ન્યાયથી જીવોનું ભગવત્સ્વરૂપ હોવા છતાં પણ તેઓ અંશરૂપ હોવાથી તેમનું ન્યૂનત્વ વાસ્તવ છે એવો ભાવ છે, અને એમ હોવાથીજ સૃષ્ટિ સમયે અગ્નિના તણખાની પેઠે બ્રહ્મમાંથી અસંખ્ય જીવરૂપ અંશોનું નિર્ગમન થવા છતાં પણ ભગવાન્‌ના વિષે ન્યૂનતા આવતી નથી. એક હસ્તમાંથી બીજા હસ્તમાં રહેલી વસ્તુની પેઠે, ભગવાન્ પોતે સતરૂપ પ્રપંચમાં સ્થિત હોવાથી ભગવાન્‌માં ન્યૂનતા થવાથી શંકા લેશ પણ રહેતી નથી.

એ પ્રમાણે જીવો જ્યારે ભગવાન્‌ના સહજ અંશરૂપ છે, તો તેઓને વિષે દૈવ અને આસુર એવા વિભાગ કેવી રીતે હોઇ શકે ? આ શંકાના સમાધાનમાં કહેવાનું કે, ભગવાન્‌ની ઇચ્છાથી ક્રીડાઅર્થે તે વિભાગ થએલા છે એમ સમજવું. આ પ્રમાણે હોવાથી ફલ દશામાં પણ જીવોમાં ન્યૂનત્વ રહેલું હોવાથી ભજનની ફલરૂપતા ઘટી શકે છે. અન્યથા સ્વતંત્ર ભક્તિ માર્ગનો ઉચ્છેદ થઇ જાય. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, જેવી રીતે જીવોને વિષે સ્વભાવિક ન્યૂનતા રહેલી છે, તેવીજ રીતે બ્રહ્મ વિષે સર્વાધિકત્વ રહેલું છે.

## વિવેચન.

શંકા એવી છે કે જો જીવોનું ન્યૂનત્વ વાસ્તવ હોય તો તે ન્યુનત્વ થવામાં વસ્તુસ્વભાવજ કારણરૂપ હોવાથી, ભગવદ્દઇચ્છાનું ન્યુનત્વમાં કારણપણું ઘટી શકતું નથી.

શ્રીહરિરાયજી કહે છે કે આ શંકા યોગ્ય નથી. કેમકે આવિર્ભાવ થવામાં ઇચ્છા કારણ છે. પણ વસ્તુની અન્યથા કૃતિ થવામાંજ ઇચ્છા કારણ નથી. જીવોનું ન્યૂનત્વ એ વસ્તુસ્વભાવ હોય તોપણ એ વસ્તુ સ્વભાવ ભગવદ્દઇચ્છાથી કરાએલ છે, અને વસ્તુ પણ કર્તાને આધિન હોય છે, તેથી વસ્તુનું જેવું સ્વરૂપ છે, અને જે પ્રકારનો વસ્તુનો સ્વભાવ છે, તે પ્રકારે આવિર્ભાવ થવામાંજ ઇચ્છા કારણરૂપ છે. પણ વસ્તુની અન્યથા કૃતિમાં ઇચ્છા કારણરૂપે નથી. કેમકે તેમ કરવા માટે એટલેકે વસ્તુની અન્યથા કૃતિ કરવા માટે કંઇ પ્રયોજન નહીં હોવાથી એ પ્રકારની વસ્તુની અન્યથા કૃતિ કરવાની ઇચ્છાનુંજ અસ્તિત્વ નથી.

સ્વરૂપની અન્યથા કૃતિમાં ભગવદ્દઇચ્છા કારણરૂપે નહિં હોવાથી મુક્તિકાલે પણ તે જીવની કૌસ્તુભરૂપે સ્થિતિ છે એમ **चैत्यस्य तत्त्वममलं मणिमस्य कंठे. ( भा. ३-२८-२८ )** ભગવાનના કંઠમાં જે નિર્મળ મણિ છે, તે જીવનું તત્વ છે, એ વિગેરે વાક્યથી કહેવામાં આવ્યું છે. આ પ્રમાણે જ્યારે મુક્ત જીવોની સ્થિતિ પણ આભુષણરૂપ હોવાથી ન્યૂનતાવાળી છે, તો અન્ય જીવોની સ્થિતિ તો ન્યુનતાવાળી હોય એમાં શું આશ્ચર્ય ? એવા કૈમુતિક ન્યાયથી સિદ્ધ થાય છે કે જીવો ભગવદ્રૂપ હોવા છતાં પણ તેઓ અંશરૂપ હોવાથી તેમનામાં ન્યુનતા વાસ્તવિક છે. અને એ પ્રમાણે ન્યૂનત્વ વાસ્તવ હોવાને લીધેજ જીવરૂપ

અસંખ્ય અંશોનું, અગ્નિમાંથી તણખાની પેઠે, વારંવાર નિર્ગમન થયા છતાં પણ ભગવાન્ વિષે ન્યુનતા આવતી નથી. એક હસ્તમાંથી અન્ય હસ્તમાં રહેલી વસ્તુની પેઠે ભગવાન્ પોતેજ સદ્રૂપ પ્રપંચમાં રહેલા હોવાથી ભગવાનને વિષે ન્યૂનતા પ્રાપ્ત થવાની લેશ પણ શંકા રહેતી નથી. અને અંશરૂપ જીવોના દૈવ અને આસુર આવા બે વિભાગ ક્રીડાઅર્થે ભગવાનની ઇચ્છાથીજ કરવામાં આવ્યા છે. તેથી ફલાવસ્થામાં પણ જીવોની ન્યુનતા રહેતી હોવાથી ભજનની પણ સાર્થકતા જણાય છે. અન્યથા સ્વતંત્ર ભક્તિ માર્ગનો ઉચ્છેદ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેથી જીવોને વિષે સ્વભાવિક ન્યુનત્વ અને બ્રહ્મ વિષે અધિકત્વ રહેલું છે, એમ સિદ્ધ થાય છે.

શંકાઃ—અંશપણાથી દૈવ અને આસુર સર્વે જીવો સમાન હોવાથી તેમનામાં ન્યુનાધિકત્વ શીરીતે ઘટીશકે? સમાધાનઃ—ભગવાન્ ક્રીડા કરવા માટે (અ) ભેદ પૂર્વક પ્રપંચરૂપે પોતાનો આવિર્ભાવ કરે છે. તેમાં આવો પ્રકાર છે. બ્રહ્મ સત્ ચિત્ અને આનંદરૂપ છે. અને તે ત્રણે ધર્મ જેમાં રહેલ છે એવું અક્ષર બ્રહ્મ બ્રહ્મના ધર્મરૂપ છે. તેના ચિદંશરૂપ જીવો છે કે જે ભગવાને ક્રીડા માટે પોતાની ઇચ્છાથી કરેલાછે. આમ ન સ્વીકારીએ તો વૈચિત્ર્યના અભાવને લીધે ક્રીડા થઈ શકે નહિં. એમ હોવાથીજ જડ, જીવ અને અંતર્યામીમાં એક એક અંશનો તિરોભાવ થએલ છે. અને ભગવાનની ઇચ્છા પણ તેવા પ્રકારની થએલી છે. માટે આ સ્વરૂપનું જે પૃથક્કરણ છે, તે ક્રીડા અર્થે છે. તેમાં બંધ અને મોક્ષ વડે ભગવાન્ મૂલરૂપથી રમણ કરે છે. તેથી લીલાની નિત્યતાની સિદ્ધિ અર્થે બંધ મોક્ષ પણ

નિત્ય છે એમ માનવું જોઇએ અને તેથી દૈવ અને આસુર વિભાગ ઉપપન્ન કરે છે.

## વિવેચન.

જીવરૂપ અંશોમાં દૈવ અને આસુર એવો વિભાગ છે, એટલુંજ નહિં પણ ન્યૂનાધિક ભાવ પણ કહ્યો છે. પણ અંશરૂપે સર્વે સરખા હોવાથી તેમાં ન્યૂનાધિક ભાવ કેવી રીતે ઉપપન્ન હોઇ શકે? આ શંકાના સમાધાનમાં કહેવાનું કે કારણરૂપે તથા કાર્યરૂપે ભગવાન્ પોતેજ હોવાથી અભેદ પૂર્વક પ્રપંચરૂપે પોતાના આત્માને આવિર્ભાવ પમાડે છે આ ધર્મિ સ્વરૂપના ત્રણે ધર્મરૂપ અક્ષર બ્રહ્મ છે. તેના ચિત્ અંશથી જીવોને ક્રીડા અર્થે ભગવાને પોતાની ઇચ્છાથી કર્યા છે. જો આ પૃથકકરણમાં વૈચિત્ર્ય ન હોય તો રમણ થઇ શકે નહિં. તેથી સિદ્ધ થાય છે કે, પૃથકકરણ વિચિત્રતાના અર્થેજ કરવામાં આવ્યું છે. વૈચિત્ર્ય એટલે ન્યૂનાધિક ભાવ. આ વૈચિત્ર્ય માટેજ જડ, જીવ અને અંતર્યામીમાં એક એક અધિક અંશથી તિરોભાવ થએલ છે. જેમકે અંતર્યામી સત્ ચિત્ અને આનંદરૂપ છે. તેથી અપેક્ષાએ જીવમાં એક આનંદ અંશનો તિરોભાવ થએલ છે. અને સત્ તથા ચિત્ધર્મો અભિવ્યકત છે. જડમાં ચિત્ અને આનંદ એ બે અંશોનો તિરોભાવ છે એ પ્રમાણે એક એક અધિક અંશથી તિરોભાવ થએલછે. અને તે મુજબ તિરોભાવ થવામાં ભગવાનની ઇચ્છા કારણરૂપ છે. તિરોભાવ થવામાં ભગવાનની ઇચ્છાને કારણરૂપ માનવાથી તિરોભાવ સ્વતંત્રતાથી થતો હશે, એવી શંકાનો નિરાસ થાય છે.

એ પ્રમાણે ઇચ્છાજ કારણરૂપ હોવાથી ભગવાનના રમણ અર્થેજ સ્વરૂપનું પૃથક્કરણ થએલ છે. એમ સિદ્ધ થાય છે.

અત્ર શંકા થાય છે કે આવી રીતે પચમરણ થતાં (ક્રીડામાં) ભગવાનનું ભોકતાપણું રહેતું નથી. આના ઉત્તરમાં જણાવવાનું કે પોતે મૂલરૂપે રહીને બંધ અને મોક્ષવડે એટલે અવિદ્યા અને વિદ્યાશક્તિવડે રમણ કરવાથી ભગવાનને જીવતુલ્યત્વ પ્રાપ્ત થાયછે, તો તે શંકા યોગ્ય નથી. કેમકે બદ્ધ અને મુક્તથી જુદાજસ્વરૂપે પોતે રહેલાં છે. અને અંશીરૂપ હોવાથી અંશાથી તેમને ભેદ પણ છે. માટે જીવો અવિદ્યા પ્રભાવથી બદ્ધ દશામાં અને વિદ્યા પ્રભાવથી મુકત દશામાં હોય, તોપણ પોતેતો તે સ્થિતિથી ભિન્નજ છે. ભગવાને કહ્યું છે, કેઃ-

बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः ।
गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बन्धनम् ॥
(भा.-११-११-१)

અર્થ— બદ્ધ અને મુકત એવી મારી વ્યાખ્યા ગુણને લઇને છે; વસ્તુતઃ નથી. ગુણનું મૂલ માયા હોવાથી મને બંધ નથી, તેમજ મોક્ષ પણ નથી.

એ પ્રમાણે જીવોના બંધ અને મોક્ષ વડે રમણની ઉપપત્તિ થાય છે. લીલાના સાધનરૂપ પ્રપંચ અને લીલા નિત્ય છે, તેથી બંધ અને મોક્ષ પણ નિત્ય છે. એમ માનવું જરૂરનું છે. પ્રપંચનું નિત્યત્વ, પ્રપંચરૂપની ભગવદ્રૂપતાના નિરૂપણ પ્રસંગે આજ ગ્રંથમાં પૂર્વે નિરૂપણ કરેલું છે. તેમજ

तदेतदक्षयं नित्यं जगन्मुनिवराऽखिलम् ।
आविर्भावतिरोभावजन्मनाशविकल्पवत् ॥
(वि-पु-१-२२-६०)

અર્થ— હે મુનીવર આવિર્ભાવ, તિરોભાવ, જન્મ, નાશરૂપ વિકલ્પવાળું આ સર્વ જગત્ ક્ષય રહિત અને નિત્ય છે. આ વિગેરે ઘણાં વાક્યો પ્રપંચના નિત્યતાનું પ્રતિપાદન કરેછે. અણુભાષ્ય, નિબંધ તથા વિદ્વન્મંડન વિગેરે ગ્રંથોમાં શ્રીઆચાર્યચરણે આજ અર્થનું વિસ્તારથી નિરૂપણ કરેલું છે. માટે અધિક જાણવાની ઇચ્છાવાળાઓએ તે ગ્રંથોમાં જોવું.

જ્યારે સાધનરૂપ પ્રપંચનું નિત્યત્વ છે; તો પછી લીલાનું નિત્યત્વ હોય તેમાં શું નવાઇ? એમ કૈમુતિક ન્યાયથી લીલાની નિત્યતા સિદ્ધ થાય છે લીલાની નિત્યતા ન હોય તો સાધનરૂપ પ્રપંચની નિત્યતા નિરર્થક ઠરે છે અને ભગવાન્‌ના ભોક્તાપણામાં પણ અનિત્યતાની પ્રાપ્તિ થાય છે. માટે લીલા નિત્યજ છે. લીલાનું નિત્યપણું તો,

जयति जननिवासो देवकीजन्मवादो
यदुवरपरिषत्स्वैर्दोर्भिरस्यन्नधर्मम् ।
स्थिरचर वृजिनघ्नः सुस्मितः श्री मुखेन
व्रजपुरवनितानां वर्द्धयन् कामदेवम् ॥

( भा. १०–९०–४८ )

અર્થઃ-જીવોના આધારરૂપ, દેવકીના ઉદરથી જન્મેલા, જેના સભાસદ અને સેવક ઉત્તમ યાદવો છે, એવા, પોતાના બે બાહુઓ વડે અધર્મને દૂર કરનારા સ્થાવર જંગમના પાપનો નાશ કરનારા, સુંદર હાસ્યવાળા શ્રી મુખે કરીને વ્રજની વનિતાઓના કામદેવને વધારનારા શ્રી કૃષ્ણ જય પામે છે. .... .... .... .... ....

એ વાક્યમા जयति એમ વર્તમાનકાળ વાપરીને अस्यन् અને वर्धयन् આ વર્તમાન કૃદંત વાપરીને શ્રી શુકે લીલાનું વર્તમાન-

પણ કહેલું છે. આ વિગેરે વિદ્વન્મંડનમાં શ્રીમદ્ વિઠ્ઠલાચાર્યચરણે વિસ્તારથી સમજાવ્યું છે. પણ ગ્રંથ વિસ્તાર ભયથી અત્ર તે વિવેચન કરતા નથી.

આ પ્રમાણે લીલા નિત્ય હોવાથી તેના નિત્યત્વની સિદ્ધિ અર્થે બંધ અને મોક્ષને પણ નિત્યજ કહેવા જોઇએ.

एकस्यैव ममांशस्य जीवस्यैव महामते ।
बंधोऽस्या विद्ययानादि र्विद्यया च तथेतरः ॥

( भा. ११-११-४ )

મારા એક અંશરૂપ જીવને અવિદ્યા વડે અનાદિ બંધ થએલ છે. અને વિદ્યા વડે તે પ્રમાણે મોક્ષ છે. આ ભગવદ્વાક્યથી બંધ અને મોક્ષ નિત્ય છે. એમ સિદ્ધ થાય છે. ત્યારપછી બદ્ધ અને મુકતની વિલક્ષણતાના નિરૂપણ પ્રસંગે ભગવાને કહ્યું છે કેઃ-

योविद्ययायुक्त स तु नित्यबद्धो
विद्यामयो यः स तु नित्यमुक्तः ।

( भा. ११-११-७ )

જે અવિદ્યા યુકત છે, તે નિત્ય બદ્ધ છેઃ અને જે વિદ્યાયુકત છે, તે નિત્ય મુકત છે.

એ રીતે બદ્ધ અને મુકત એવા બે પ્રકારથી દૈવ અને આસુર વિભાગ ઉપપન્ન થાય છે. જો કે અંશપણાથી સમાનતા છે, તોપણ બંધ અને મોક્ષવડે તેઓ નિકૃષ્ટ અને ઉત્કૃષ્ટ હોવાથી, ભગવાન્‌ની ઇચ્છાથી ક્રીડા અર્થે દૈવ અને આસુર વિભાગ બનેલાં છે. એવો આશય છે.

શંકા-તોપણ દૈવ અને આસુરપણું એટલે શું? સમાધાન- સૃષ્ટિ સમયે શકિતનું પૃથક્કરણ કરેલ હોવાથી, એ

શકિતથી.જેઓ પરિગૃહિત છે, તેઓ આસુર છે. અને પોતે જેનું પરિગ્રહણ કરેલું છે, તેઓ દૈવ છે, આમ આસુર અને દૈવ વિષેનો વિવેક છે. જેમ સંપુટમાંથી બહાર કાઢેલું અને ચોરના હાથમાં પડેલું દ્રવ્ય, કે જે હજારો ઉપાયોથી મેળવી શકાય એમ નથી, અને સંપુટમાં (તે દ્રવ્યના) પ્રવેશનો અભાવ છે, તેમ આસુરો જો કે ભગવાનના અંશો છે, તોપણ સૃષ્ટિ વિષે મોહને અર્થેજ જુદી પડેલી શકિતથી પરિગ્રહિત હોવાથી, તેમનો ભગવાન્ વિષે પુનઃ પ્રવેશ થતો નથી. પરંતુ દૈવી જીવોનો તો, હસ્તકલિત રત્ન જેને સમાન કરવામાં આવ્યું છે, તેનો ફરીથી સંપુટમાં પ્રવેશ થાય છે, તેમ ભગવાનૂને, વિષે પ્રવેશ થાય છે. એજ કારણથી આસુર જીવોની માત્ર સૃષ્ટિજ ભગવાન્થી છે. તેમનો લય તો માયામાં થાય છે. કેમકે માયાથી કરાએલ મોહને લીધે (તેમનામાં ભગવાન્ની) જ્ઞાન શકિત અને ભકિત શકિતના કાર્યનો અભાવ હોવાથી તેમને ભગવાનનું સાયુજ્ય સંભવતું નથી. અને એજ કારણથી ભગવાને मामप्राप्यैव (ભ. ગી. ૧૬–૨૦).હે કૌંતેય, તેઓ મને પામ્યા વિનાજ અધમ ગતિ પામે છે, એમ કહેલ છે. કેમકે જ્ઞાન અને ભકિત એ એજ ભગવત્પ્રાપ્તિના હેતુછે. અને તે બંને આસુરોમાં નહિ હોવા ી તેઓ સાયુજ્ય મેળવી શકતાં નથી.

જેમ પુરૂષના અંશરૂપ બીજનો સ્રીમાં પ્રવેશ થયા પછી તે (સ્રીએ ગ્રહણ કરેલ) બીજનો પુરૂષને વિષે પ્રવેશ થતો નથી, તેમ (માયા શકિતથી પરિગૃહીત) આસુરોનો ભગ-

વાન્‌ને વિષે પ્રવેશ થતો નથી. તથાપિ, પુત્ર વ્યવહારની પેઠે તેઓ વિષે પણ ભગવાનના અંશનું ગ્રહણ કરીનેજ લોક અને વેદમાં વ્યવહાર કરાય છે. આથી, પ્રકૃતિના સબંધથી, અંશપણુ પણ જાણે વ્યવહારિક જેવું થયું છે, એમ નિરૂપણ કર્યું છે.

## વિવેચન.

અત્ર શંકા કરવામાં આવી છે કે, દૈવત્વ અને આસુરત્વનુ લક્ષણ શું ? શ્રી હરિરાયજી તેમનાં લક્ષણ કહેછે, કે, સૃષ્ટિકાલે કાર્યને અર્થે માયા શકિતનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. " હું " " મારૂં " એ વિગેરે કાર્ય ઉપરથી આ પૃથકતાનું અનુમાન થાય છે. આ માયા શકિતથી જેઓનું પરિગ્રહણ થએલ છે, તે જીવો આસુરી છે. આ આસુરી જીવો કદાપી પણ મોક્ષમાર્ગના અનુયાયિઓ નથી. કેમકે તેઓ તો મોક્ષમાર્ગના પ્રતિબંધક છે, હવે જેઓ સ્વપરિગૃહીત છે; એટલે કે જેમનો ભગવાને પરિગ્રહ કરેલ છે, તેઓ દૈવી જીવો છે. પરિગ્રહ એટલે વિવાહ. કેમકે **वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा** (ભા. ૯–૪–૬૬ ] સત્ સ્રીઓ સત્ પતીને વશ કરે છે તેમ તેઓ મને ભકિતથી વશ કરે છે. **यमेवैषवृणुते** ( **मु. ३–२–३ः कठ १–२–२२** ) જે [ જીવ ] નું આ ( પરમાત્મા ) વરણ કરે છે. એ વિગેરે વાકયો ઉપરથી ઉપર કહેલ અર્થ સિદ્ધ થાય છે. એ રીતે જે જીવોના ભગવાન્ સાથે વિવાહ થએલ છે, તેઓ દૈવી છે, અને જેમનો માયા સાથે વિવાહ થયોછે, તેઓ આસુર છે.

વિવાહમાં બન્નેના પરસ્પર અપરિત્યાગની આવશ્યકતા છે. તેથી ભગવાને જેમનો પરિગ્રહ કરેલ છે, તેઓ કોઈપણ કાલે

ભગવાન્‌ને ત્યજતા નથી અને ભગવાન્‌ પણ તેમને કદાપિ ત્યજતા નથી. જો પરસ્પર પરિત્યાગ થતો હોય, તો જીવમાં પાતિવ્રત્યની હાનિરૂપ દોષ પ્રાપ્ત થાય છે. અને ભગવાન્‌માં પુરૂષપણાની (પતિપણાની) હાનિરૂપ દોષ પ્રાપ્ત થાય છે. માટે તેઓનો કદાપિ પરિત્યાગ થતો નથી. દૈવપણું એટલે દેવની સાથે સબંધીપણું કેમકે सास्त्रियः सत्पातिं यथा એ વાકયમાં સ્ત્રિ અને પુરૂષમાં સત્‌ પદ મૂકવામાં આવેલ છે. આસુર અને માયાનો પણ પરસ્પર અપરિત્યાગ છે. આ અપરિત્યાગ ભગવાન્‌ની ઇચ્છાથીજ કરાએલો છે. કહ્યું છે કેઃ-

मामप्राप्यैव कौंतेय ततो यांत्यधमां गतिम् ।
(भ-गी. १६-२० )

હે કૌંતેય! આસુર જીવો મને પ્રાપ્ત થયા વિનાજ અધમ ગતિ પામે છે.

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यंते नराधमाः ।
माययाऽपहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥
(भ. गी. ७-१५ )

માયાવડે હરાએલા જ્ઞાનવાળા અને આસુર ભાવને પામેલા, દુષ્ટ ક્રિયાવાળા, મનુષ્યોમાં અધમ તે મૂઢ પુરૂષો મને પામતા નથી. આ વાકયથી સિદ્ધ થાય છે કે, આસુરોને કયારેય પણ ભગવત્‌ પ્રાપ્તિ થતી નથી. પરંતુ જીવોને તો ભગવત્‌ પ્રાપ્તિ સાહજીકી છે. આનું પ્રતિપાદન મૂલમાં બે દ્રષ્ટાંતથી કરવામાં આવ્યું છે. પ્રથમ દ્રષ્ટાંતથી આસુરોનો ભગવાન્‌ વિષે અપ્રવેશ કહેવામાં આવ્યોછે. અને દ્વિતીય દ્રષ્ટાંતથી દૈવી જીવોને ભગવત્‌ પ્રાપ્તિ સ્વાભાવિક છે, એમ કહેવામાં આવ્યું છે. પ્રથમના દ્રષ્ટાંત-

થી જણાય છે કે આસુર જીવોની માત્ર ઉત્પત્તિજ ભગવાનૂથી થઈ છે અને તેમનો લય તો માયામાં થાય છે. કેમકે માયાથી કરાએલ મોહને લીધે જ્ઞાન અને ભક્તિરૂપ ભગવાનની જે શકિતઓનું કાર્ય સાયુજ્યાદિ તેઓમાં નહિં હોવાથી તેમને ભગવત્ સાયુજય સંભવતું નથી. આ પ્રમાણે આસુર જીવોને સાયુજ્યનો અસંભવ હોવાથીજ मामप्राप्यैव कौंतेय ततो यान्त्यधमांगतीम् ( भ-गी १६-२० ) એમ કહેવામાં આવ્યું છે.

असुर्या नाम ते लोका अंधेन तमसावृताः।
तांस्ते प्रेत्याभिगच्छन्ति येकेचात्महनोजनाः ॥

[ इशावास्य ३ ]

સૂર્ય વિનાના અને ઘાટા અંધકારથી વ્યાપ્ત એવા તે લોકમાં, જે જીવો આત્મઘાતી છે, તેઓ મરી ગયા પછી જાય છે. એ શ્રુતિથી અધમગતિ એટલે અંધંતમસ્‌માં પ્રવેશ એવો અર્થ સમજવાનો છે. તેથી, માયાથી મોહ પામેલા હોવાને લીધે જ્ઞાન અને ભક્તિ જે ભગવાનૂની પ્રાપ્તિના હેતુ છે, તે આસુરોમાં નથી એમ સિદ્ધ થાય છે.

ઉપર કહેલા અર્થને દૃઢ કરવાના હેતુથી પુરૂષના અંશબીજનો સ્ત્રીમાં પ્રવેશ થાય છે; પણ પુનઃપુરૂષથી તેનું ગ્રહણ થઇ શકતું નથી. આવું દ્રષ્ટાંત આપવામાં આવ્યું છે. આ દ્રષ્ટાંત મુજબ આસુર જીવોનો ભગવાનૂમાં પ્રવેશ થઇ શકતો નથી એમ સિદ્ધ થાય છે.

**આસુરોનો પ્રકૃતિમાં લય હોવા છતાં પણ પ્રકૃતિ ભગવાનૂની શકિત હોવાથી, તેમનાથી અભિન્ન છે. તેથી પ્રકૃતિની પણ આનંદરૂપતા હોવાથી, તેમાં પ્રવેશ કરેલ આસુર જીવોને આનંદજ પ્રાપ્ત થવો જોઇએ. તેથી તેઓને**

ભગવાનની પ્રાપ્તિ થતી નથી, એમ કેમ કહેવામાં આવ્યું છે ? આ શંકા યોગ્ય નથી. કેમકે ભગવાનનું આનંદરૂપ પ્રકૃતિમાં અપ્રકટ હોવાથી, આસુરોને આનંદનો ગંધ પણ પ્રાપ્ત થતો નથી. અન્યથા ભકતોની પેઠે આસુરોને પણ આનંદનો અનુભવ જોઇએ. માટે પ્રકૃતિમાં આનંદરૂપતા પ્રકટ થતી નથી એમ માનવું જોઇએ. આજ કારણથી **મમમાયા** ( ભ. ગી. ૭-૧૨. ). મારી માયા દુરત્યય છે. **રાક્ષસી માસુરીં ચૈવ**. ( ભ. ગી ૯-૧૨ ). રાક્ષસી અને આસુરી એવી પ્રકૃતિ જે મોહ કરે છે, તેનો આસુરોએ આશ્રય કરેલો હોય છે. એ બે વાકયથી જણાતા (એકમાં-ભગવાનનો) સંબંધ અને ( બીજામાં તેના ) અભાવવડે ભગવાને પોતેજ દૈવ અને આસુર માયાનો ભેદ કહેલો છે. મોહ પણ બન્નેમાં કાર્યભેદથી ભિન્નજ છે દૈવમાં મોહ મોક્ષઅર્થે છે. અને આસુરમાં બંધ પ્રાપ્ત કરાવનાર છે. અને એજ કારણથી આસુરી પ્રકૃતિની અસત્ રૂપતા જણાવવા સારૂ તથા તેનું ક્રુરત્વ જણાવવા સારૂ તેને રાક્ષસી કહેવામાં આવી છે. તેમજ **તેષાં સહજ ક્રુરત્વાત્**. ( ભા. ઉ. ) આસુરોમાં ક્રુરતા સ્વાભાવિક છે, એ ભાગવતના ઉપાખ્યાનના શ્લોકથી આસુરોનું લક્ષણ સ્થાપીને તેઓને વિષે દયાનો અભાવ પ્રતિપાદન કરવામાં આવ્યો છે. અને એજ કારણથી **વિનાપશુઘ્નાત્**. ( ભા. ૧૦-૧૪. ). એ શ્લોકથી આસુર જીવોનુ ઉપર મુજબજ લક્ષણ દર્શાવ્યુ છે. તેમજ ( મોક્ષ સિવાય ) બીજા કાર્યનો અભાવ હોવાથી પ્રકૃતિ મોહિની છે, એમ કહેવામાં આવ્યું છે.

આસુરી જીવોનો જો કે પ્રકૃતિ સાથે સંબંધ છે, પણ પ્રકૃતિ ભગવાનની શકિત હોવાથી ભગવાન્‌થી અભિન્ન છે. અને તેથી તેની પણ આનંદરૂપતા છે. તો તેમાં પ્રવેશ કરનારાઓને આનંદજ પ્રાપ્ત થવો જોઇએ છતાં એમ કેમ કહોછે કે તેઓને ભગવત્ પ્રાપ્તિ થતી નથી! આ શંકાના સમાધાનમાં શ્રીહરિરાયજી જણાવે છે કે, ભગવાન્‌ના આનંદ રૂપનું પ્રાકટય માયામાં થતું નથી. પ્રકટ ન થવામાં કારણ ભગવાનની ઇચ્છાજ છે. તેથી જ્યારે માયામાં આનંદ સ્ફુરતો નથી, તો આસુરોને તો તેનો ગંધ પણ કયાંથીજ હોય. અન્યથા ભાકતોની પેઠે આસુરોને પણ આનંદનો અનુભવ થવો જોઇએ. અને તેમ થાય તો પછી, દૈવી અને આસુર એવા બે ભેદ રહેશે નહિં. તેથી ભગવાન્‌ના આનંદરૂપનું માયામાં પ્રાકટય થતું નથી, એમ અવશ્ય માનવું જોઇએ.

ઉપરની યુકિત ઇષ્ટ હોવાથીજ **दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया** ( भ. गी. ७–१४ ).

આ ગુણમયી મારી દૈવી માયા દુઃખે કરીને તરાય તેવી છે, એ વાકયથી, તથા **राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहनीं श्रिताः** **( भ. गी ९-१२ ).**

રાક્ષસી, આસુરી, મોહ કરનારી પ્રકૃતિનો તેઓએ આશ્રય કરેલો હોય છે; એ વાકય કહેવામાં આવ્યાં છે. **मम माया** ની છઠ્ઠી વિભકિતથી માયા સાથે પોતાનો સંબંધ દર્શાવ્યો છે: અને આસુરોને પ્રકૃતિનો સંબંધ દર્શાવીને પોતાના સંબંધનો અભાવ સૂચવ્યો છે. એ પ્રમાણે બન્ને માયાનો ભેદ કહેવામાં આવ્યો છે.

પ્રકૃતિનો સ્વભાવ મોહ ઉત્પન્ન કરવાનો છે. તોપણ બન્ને પ્રકારની માયાથી ઉત્પન્ન થતો મોહ કાર્ય ભેદથી ભિન્નજ છે.

દૈવી માયાથી થતો મોહ જ્યારે મોક્ષને અર્થે હોય છે, ત્યારે આસુરી માયાથી થતો મોહબંધ પ્રાપ્ત કરાવનાર હોય છે. મોહની ભિન્નતા હોવાને લીધેજ આસુરી માયાનું અસત્પણું જણાવવા સારૂ તથા ક્રૂરત્વ જણાવવા સારૂ તે માયાને રાક્ષસી કહેવામાં આવીછે, ક્રૂરતા હોવામાં સ્વભાવજ કારણછે તૃતીય સ્કંધમાં ઉપાખ્યાનમાં, અને તેજ સ્થલે સુબોધિનીના વિવરણમાં પણ तेषां सहजक्रूरत्वात् એમ લક્ષણ સ્થાપીને અસૂરોમાં દયાનો અભાવ પ્રતિપાદન કરવામાં આવ્યો છે. અને એજ કારણથી દશમસ્કંધમાં પ્રથમ અધ્યાયમાં:-

क उत्तम श्लोकगुणानुवादात् पुमान् विरज्येत विना पशुघ्नात् (भा. १०-१-४).

પશુની હિંસા કરનાર સિવાય કયો મનુષ્ય ઉત્તમ કીર્તિવાળા ભગવાનના ગુણાનુવાદથી વિરાગ પામે ?. એ શ્લોકથી ભગવદ્-ગુણાનુવાદમાં અપ્રીતિને આસુરભાવ રૂપે વર્ણવવામાં આવી છે, અને તેમાં "પશુઘ્ના" એ પદ મૂકેલું છે, તેથી ક્રૂરત્વ એ આસુરભાવનું લક્ષણ છે, એમ સૂચવ્યું છે.

ઉપરના નિશ્ચય તે બીજી રીતે સમર્થન કરતાં શ્રીહરિરાયજી જણાવે છે કે આસુરીમાયાથી મોહ સિવાય અન્ય કાંઇ કાર્ય થતું નહિં હોવાથી, प्रकृतिं मोहिनीं श्रिताः એ વાકયથી મોહિની પણું કહ્યું છે. આ રીતે આસુરીમાયા મોહજ ઉત્પન્ન કરનારી છે; અન્ય કાર્ય તે શકિતથી થતું નથી. તેથી દૈવી પ્રકૃતિથી આ આસુરી માયાનો ભેદ છે, એમ સિદ્ધ થાય છે.

આસુરોને પરંપરાથી પણ (પ્રકૃતિદ્વારા) આનંદ પ્રાપ્ત થતો નથી. તે વિષે હવે આશંકા કરીને કહે છે.

પ્રલયકાળે પ્રકૃતિનો જ્યારે ભગવાન્‌ને વિષે લય થાય છે, ત્યારે તે પ્રકૃતિદ્વારા આસુરોનો લય થતો હોવાથી પરંપરાએ તેમને ભગવાન્‌નો સંબંધ થાય છે; છતાં તેમને આનંદનો અનુભવ કેમ નથી. સમાધાનઃ–પ્રલયકાળે જો કે પરંપરાએ આસુરોને ભગવાન્ સાથે સંબંધ છે. તોપણ પ્રકૃતિના અંતરાયથી તેઓને આનંદનો અનુભવ થતો નથી. અન્યથા પ્રલય અને મુક્તિમાં ભેદજ ઘટી શકતો નથી. હવે જો પ્રલય તેજ મુક્તિ છે, એમ માનીએ તો, તો મુકિત માટે સાધન અનુષ્ઠાનનો પ્રયત્ન વ્યર્થ ઠરે છે. કોઇ પણ પ્રાજ્ઞ પુરૂષજ પોતાના લય માટે દુઃખથી પ્રયત્ન કરતો નથી. માટે મુકિત કે જે સ્વરૂપાનંદના અનુભવ રૂપ છે, તે પ્રલયથી ભિન્નજ છે, પ્રલય તો કૃમિઓની પેઠે માત્ર ઉદરવાર્તિ છે. અને તેમાં પોતાના વિષયનો અનુભવ થાય છે. પણ તેટલાથી કંઇ તેમને આનંદનો અનુભ થતો નથી; કેમકે આનંદનો અનુભવ માત્ર ભક્તિથીજ સાધ્ય છે. અને તે ભકિત સ્નેહરૂપ છે. તેથી મુકિતકાળે ભગવાન્‌ના હૃદય વિષેજ ભકતોની સ્થિતિ હોય છે. આજ કારણથી લક્ષ્મી વિગેરેની ભગવાન્‌ના હૃદયવિષે સ્થિતિ કહેવામાં આવો છે. અને એજ કારણથી साधवो हृदयंमह्यम्. ( ભા. ૯–૪–૬૮ ). સાધુપુરૂષો મારૂં હૃદય છે, એ વિગેરે વાકયો કહ્યાં છે. જયદેવે પણ राधामाधाय हृदये. ( गीतगो

વિંદ ), રાધાને હૃદયમાં ધારણ કરેલ છે, એમ કહ્યું છે. માટે પ્રલયમાં નિદ્રાની પેઠે અનેક જન્મરૂપ કલેશોનો અભાવજ છે. પણ આનંદનો અનુભવ નથી. એ પ્રમાણે સર્વ સુવ્યવસ્થિત છે.

## વિવેચન.

શંકા એવી છે કે પ્રલયકાલે પ્રકૃતિનો જ્યારે ભગવાનમાં લય થાય છે, ત્યારે પ્રકૃતિદ્વારા આસુરોનો પણ લય થતો હોવાથી પરંપરાએ ભગવત્ સંબંધ ઘટી શકે છે. તો તેઓને આનંદનો અનુભવ થતો નથી, એમ શાથી કહો છો? શંકાના સમાધાનમાં શ્રી હરિરાયજી જણાવે છે કે. પ્રલયકાલે જો કે ભગવત્ સંબંધ થાય છે તથાપિ પ્રકૃતિના અંતરાયને લઈને તેઓને આનંદનો અનુભવ થતો નથી. અન્યથા પ્રલય અને મુકિતનો ભેદજ ઘટી શકતો નથી પ્રલયમાં જો આનંદનો અનુભવ થતો હોય, તો પ્રાચીન-શિષ્ટ પુરૂષો પ્રલય અને મુકિતનો ભેદ ન જણાવતાં માત્ર પ્રલયનેજ મુકિતરૂપે વર્ણવત. વળી અન્યપણ બાધ આવે છે, કે, પ્રલય એજ જો મુકિત હોય તો મુકિતને માટે શાસ્ત્રમાં કહેલા સાધનનાનુષ્ઠાનના પ્રયત્નો વ્યર્થ થઇ પડે છે. પ્રાજ્ઞ મનુષ્ય મુકિતનેઅર્થે પ્રયત્ન કરે છે, અને નહિ કે પ્રલયને માટે. કેમકે પ્રલય તો સ્વતઃજ થવાનો છે, તેથી તેના માટે પ્રયત્ન કરવાની જરૂર નથી. તેથી મુકિતને અર્થે સાધનનું વિધાન કરનારૂં શાસ્ત્ર પણ નિરર્થક થઇ પડે છે. આ ભાવ મનમાં રાખીને શ્રી હરિરાયજી કહે છે કે કોઈ પણ પ્રાજ્ઞ જન કલેશ કરીને પોતાના લયને માટે યત્ન કરે નહિં. પરંતુ કોઇ મૂર્ખજ પોતાને બેસવાની શાખાના છેદનની પેઠે પ્રલય માટે યત્ન કરે. માટે પ્રલય અને મુકિતનો ભેદજ સ્વીકારવો જોઇએ. મુકિત માટે જ્યારે પ્રયત્ન કરવો યોગ્ય છે, ત્યારે

પ્રલય માટે પ્રયત્ન કરવાની જરૂર નથી. એ પ્રકારે પ્રલય અને મુક્તિનો ભેદ હોવાથી સાલોક્યાદિરૂપમુક્તિ ભિન્નજ છે. તેમાં પણ જે સ્વરૂપાનંદના અનુભવરૂપ મુક્તિ છે, તે પુષ્ટિમુક્તિ કહેવાય છે. અને એજ મુક્તિ આમને ઇષ્ટ છે, એવા આશયથી શ્રી હરિરાયજી કહે છે કે "સ્વરૂપાનંદના અનુભવરૂપ મુક્તિ ભિન્ન જ છે" પ્રલયનું લક્ષણ જણાવતાં કહે છે, કે, પ્રલય તો કૃમિઓની પેઠે માત્ર ઉદરવર્તિ છે. અને પોતાના વિષયનો અનુભવ કહે છે. પણ તેથી કંઇ તેમને આનંદનો અનુભવ થતો નથી. કેમકે આનંદનો અનુભવ તો માત્ર ભક્તિ સાધ્ય છે. અને તે ભક્તિ "स्नेहो भक्तिः (त. दी. नी. १. ४६) सा पराऽनुरक्तीरीश्वरे (शां. सू. १-२) એ વિગેરે પૂર્વે કહેલા પ્રમાણ મુજબ સ્નેહરૂપ છે. આ સ્નેહરૂપ ભક્તિથી લભ્ય સ્વરૂપાનંદનો અનુભવ થવા માટે યોગ્ય એવી મુક્તિ દશામાં ભક્તોની ભગવાન્ના હૃદય વિષેજ સ્થિતિ હોય છે. અને એજ કારણથી वक्षोनिवासमकरोत् परमं विभूतेः ભગવાન્ના વક્ષઃ સ્થલમાં નિવાસ લક્ષ્મીએ કર્યો છે એવાક્યથી લક્ષ્મીની ભગવાન્ના હૃદયમાં સ્થિતિ દર્શાવિ છે. તેમજ, साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम्, मदन्यत्ते न जानंति नाऽहं तेभ्यो मनागपि॥ (भा. ९-४-६८) સાધુ પુરૂષો મારૂં હૃદય છે, અને હું સાધુઓનું હૃદય છુ સાધુઓ મારાથી કંઇ અન્ય જાણતા નથી. અને હું પણ તેઓથી જરાપણ ભિન્નતા જાણતો નથી. यथाऽधनो लब्धधने विनष्टे तच्चिन्तयाऽन्यन्निभृतो न वेद। જેમ નિર્ધન પુરૂષ પ્રાપ્ત થએલ ધનનો નાશ થાય છે, ત્યારે તેની ચિંતાથી ગ્રસ્ત હોઇને બીજું કાંઇ જાણતો નથી. એ વિગેરે વાક્યો ભક્તની ભગવાનના હૃદય વિષેની સ્થિતિમાં પ્રમાણભૂત છે. સ્નેહનું લક્ષણ ઉપર કહ્યા મુજબનુંજ છે. આ સ્નેહ મનના ધર્મરૂપ છે. તેથી સ્નેહના અધિકારને પ્રાપ્ત થએલા ભક્તોની પણ તદ્રૂપતા—સ્નેહરૂપતા થતી હોવાથી, તેઓની હૃદયવિષે સ્થિતિ સંભવી શકે છે.

સ્નેહ બે પ્રકારનો છે. શ્રુંગારરસરૂપ અને ભકિતરસરૂપ તેમાં ઇષ્ટ ઇચ્છાથી ઉત્પન્ન થએલ મનોવિકૃતિરૂપ અપરિપૂર્ણરતિને શ્રુંગારરસરૂપ સ્નેહ કહેવામાં આવે છે. અને માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ, સર્વતઃ અધિક સ્નેહને ભકિતરસ કહે છે.

એ રીતે જેમ ભગવાન્ રસરૂપ છે, તે પ્રમાણે ભકતો પણ દ્વિવિધ રસરૂપ છે. તેમાં વ્રજ ભકતો તથા લક્ષ્મી વિગેરે શ્રુંગાર-રસરૂપ ભકતો છે અને કૌંડિન્ય વિગેરે તથા નારદ વિગેરે ભકિત-રસરૂપ ભકતો છે. તેઓના હૃદય વિષે તે તે પ્રકારના સ્નેહરૂપ ભગવાન્ અનુભાવ, વિભાવ, સંચારી અને સાત્વિક ભાવથી પરિ-પૂર્ણ હોઇને રાસલીલા કરે છે. તેથી ભગવાનની હૃદય વિષે સ્થિતિ કહેવામાં આવી છે. કેમકે તેઓના હૃદય ભગવદ્ ધામરૂપ અક્ષર બ્રહ્મરૂપ છે. પરંતુ ભક્તિરસનું પર્યવસાન તો શ્રુંગાર રસમાંજ થાય છે, એમ સૂક્ષ્મ મતિમાન પુરૂષોએ **सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद निहितं गुहायां परमे व्योमन् सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ॥ ( तै–२–१ )** આ શ્રુતિથી સમજવાનું છે. આ શ્રુતિઓનો અર્થ નીચે પ્રમાણે છે.

**उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः । (भ. गी. १५–१७)**

ઉત્તમ પુરૂષતો અન્ય છે, તે પરમાત્મા કહેવાય છે. એ વચન અનુસાર **परः** એટલે પુરૂષોત્તમ. **पर** એવા પુરૂષોત્તમ જેનાવડે માપી શકાય છે, જોઇ શકાય છે, તેને પરમ કહે છે. આ પરમ આકાશરૂપ છે. તે પરમ આકાશરૂપ ગુહામાં એટલે વ્યાપિ વૈ-કુંઠાત્મક હૃદયાકાશમાં સત્ય, જ્ઞાન, અનંત એ ધર્મથી યુકત બ્રહ્મને જે જાણે છે, તે રસલીલામાં નિપુણ બ્રહ્મ–પૂર્ણ પુરૂષોત્તમ જે રસરૂપ છે, તેમની સાથે સર્વ કામોને એટલે સર્વરસ, મનોરથોને ભોગવે છે. આ અર્થ વ્યાસસૂત્રને **आनंदमयाधिकरण** માં શ્રીમદાચાર્યચરણે સ્પષ્ટરીતે સમજાવ્યો છે.

એ પ્રમાણે ભગવાનની ભક્તોને વિષે અભિલાષા હોવાથી તે ભક્તો પણ ભગવાનના હૃદયમાં રહેલા છે, એમ સિદ્ધ થાય છે. એમ ન કહી શકાય કે ભગવાન્ તો પૂર્ણ છે, માટે તેમનામાં અભિલાષા હોઇ શકે નહિં. કેમકે ભક્ત અને ભગવાન્ બંન્નેની અભિલાષાના અભાવે રસમર્યાદાનો ભંગ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, તેમજ એમ પણ ન કહેવાય કે જો ભગવાનને વિષે અભિલાષા સ્વીકારીએ, તો તેમની પૂર્ણતાની હાનિરૂપ દોષ પ્રાપ્ત થાય છે. કેમકે:—

**रसो वै सः । ( तै. २–७ ).**

એ શ્રુતિ પ્રમાણે પોતે રસરૂપ હોવાથી રસલીલા કરવી એ તેમને ઇષ્ટજ છે, અને તેથી રસલીલાની અભિલાષા પણ તેમને વિષે ઇષ્ટજ છે. તેમજ ભક્તોમાં પણ તે અભિલાષાને લીધે તેમના ( નિષ્કામપણાં ) માં કંઇ ક્ષતિ થતી નથી. કેમકે ભક્તો, કે જેઓ ભગવાનનું પોતાનું સ્વરૂપ છે, તથા જેઓ ભગવાનને અતિ પ્રિય છે, તેમનો ભગવાનથી અભેદ હોવાથી તેમનામાં પણ તે રસલીલાની અભિલાષા ઇષ્ટજ છે. ભગવાનથી અન્યત્ર જો અભિલાષા હોય તો તેમને ક્ષતિ પ્રાપ્ત થાય છે. એ વાત ખરી પણ અત્રતો પરસ્પર અભિલાષામાં–અન્યોન્ય મનોરથ પૂરણ કરવા માટેજ અભિલાષા છે. નહિં કે કોઇ વસ્તુની અપેક્ષાથી. માટે તે અભિલાષા રસપૂરણ કરવા અર્થેજ છે, એમ સિદ્ધ થાય છે. અને એમ હોવાથી ભગવાનને વિષે પૂર્ણત્વના સંબંધમાં કાંઇપણ શંકા રહેતી નથી.

**ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् । (भ गी. ४-११).**

જે જે પ્રકારે મારે શરણ આવે છે. તેઓને તેજ પ્રકારે હું ભજું છું. એ ભગવદ્‌વાક્યથી ઉપર કહેલું સર્વ નિર્દોષ છે, એમ સિદ્ધ થાય છે.

ભગવાન્‌ના હૃદય વિષે ભક્તોની સ્થિતિના સંબંધમાં જયદેવની ઉક્તિ પણ પ્રમાણભૂત છે. ગીતગોવિંદ, જે શ્રૃંગારરસના વર્ણનનો ગ્રંથ છે. તેમાં राधामाधाय हृदये तत्याज व्रजसुंदरीः ।
(गीतगोविंद).

રાધાને હૃદયમાં ધારણ કરીને વ્રજસુંદરીનો ત્યાગ કર્યો. એમ કહેલું છે.

ઉપસંહાર કરતાં શ્રી હરિરાયજી જણાવે છે કે પૂર્વોક્ત યુક્તિથી સિદ્ધ થાય છે કે પ્રલયકાલે નિદ્રાની પેઠે માત્ર અનેક જન્મરૂપ ક્લેશોનો અભાવજ પ્રાપ્ત થાય છે. પણ મુક્તિની પેઠે આનંદનો અનુભવ થતો નથી.

निजाचार्याङ्घ्रि कृपातः संशयोऽयं निराकृतः ।
हरिदासेन तुष्यन्तु तेन ते स्वामिनो मम ॥

નિજાચાર્યોની કૃપાથી હરિદાસે આ સંશયનો નિરાસ કર્યો છે, તેથી તે મારા સ્વામીઓ (આચાર્યો) પ્રસન્ન થાઓ.

પરદુઃખને દૂર કરવાની ઉત્કટ ઇચ્છાને દયા કહે છે. તે પ્રમાણે સંદેશના નિરાકરણમાં બુધ્ધિ વિગેરેને પરિશ્રમરૂપ જે દુઃખ છે, તે દુઃખ મટાડવાની ઇચ્છારૂપ દયા-કૃપા પ્રકૃત શ્લોકમાં ઉપયોગી અર્થ છે. વસ્તુતઃતો કૃપાથી મહત્‌ સામર્થ્ય આવે છે એમ मूकं करोति वाचालम् । (पद्मपुराण, गीतामाहात्म्य) મુંગાને વાણીવાળા કરે છે. આ શ્લોકથી જણાય છે. અને તેથી સંશયનું નિરાકરણ પણ અનાયાસથી થાય છે, એમ સૂચવ્યું છે.

શ્લોકમાં કહ્યું છે કે "આ સંશયનો નિરાસ પોતાના આ-ચાર્યોની કૃપાથી હરિદાસે કર્યો છે, તેથી મારા સ્વામીઓ પ્રસન્ન થાઓ. તેમાં "હરિદાસ" એવું પદ મુકેલું છે. સર્વ દુઃખને હર-નાર ભગવાન્‌નાદાસથી પણ સંશયના નિરાકરણરૂપ દુઃખ હરણ થઇ શકે છે. એવો ભાવ અહીં વિવક્ષિત છે. संशयात्माविन-श्यति (भ. गी. )સંશયવાળા ચિત્તવાળો નાશ પામે છે, એમ ક-હેલું છે. તેથી સંશય દુઃખરૂપ છે અને તેનું નિરાકરણ પ્રાપ્ત થાય છે. તેથી હરિદાસો-જે સંશય હરનારા છે. તેઓ પરમ દયાળુ હોય છે, એમ સૂચિત થાય છે.

स्वयं समुत्तीर्य सुदुस्तरं द्युमन्
भवार्णवं भीममदभ्रसौहृदाः।
भवत्पदांभोरुहनावमत्र ते
निधाय याताःसदनुग्रहो भवान् ॥ (भा. १०-२-३१)

હે કાંતિમાન! આપના ચરણકમલરૂપ નાવને અત્ર રાખીને આપના ભકતો ભયંકર, અત્યંત દુસ્તર સંસારસમુદ્રને તરી ગયા છે. કેમકે આપ સત્પુરૂષોને વિષે અનુગ્રહ કરવાના સ્વ-ભાવવાળા છો. એ વચનથી હરિદાસો હરિસમાન સ્વભાવવાળાજ છે, એમ સિદ્ધ થાય છે.

અથવાતો હરિ તેજ દાસ એટલે હરિદાસ. એવો અર્થ લેવો.

नोद्धवोऽण्वपि मन्न्यूनो यद्गुणैर्नार्दितःप्रभुः।
नाहमात्मानमाशास ॥

( भा. ३-४-३१ )

ઉદ્ધવ મારાથી અણુમાત્ર પણ ન્યૂન નથી કેમકે સમર્થ એવા તે ગુણોથી અભિભૂત થયા નથી. હું મારા ભકતો સિવાય આ-

મધુવેદ

મને પણ ઇચ્છનો નથી. આ વચનોથી હરિ તેજ દાસ એવો અર્થ સિદ્ધ થાય છે. હરિ વિના (અન્યત્ર) સંશય નિરાકરણનું સામર્થ્ય સંભવતું નહિં હોવાથી હરિ એજ દાસ એમ કહેવું સરલ છે.

અથવા તો હરિદાસ એટલે હરિના જેવા દાસ એવો અર્થ સમજવો. શ્રીહરિરાયજીએ મારા સ્વામીઓ પ્રસન્ન થાઓ એમ કહ્યું છે, તેમાં સ્વસ્વામીભાવવડે સેવ્ય સેવક ભાવ કહેલો છે.

आचार्यं मां विजनीयात् । [ भा-११-१७-२७ ]

મને આચાર્ય જાણ. એ કથનથી હરિ અને આચાર્યનો અભેદ કહેવાયો છે. અન્યથા હરિદાસ શબ્દની સાથે વિરોધ આવે છે. કેમકે બે પતિની પ્રાપ્તિ થતાં વ્યભિચાર પ્રસંગ પ્રાપ્ત થાય છે જે ઇષ્ટ નથી.

તેમજ સંશય નિરાકરણ કરવાથી આચાર્યનીજ પ્રસન્નતાની યાચના છે. તે પ્રસન્નતાનું કારણ અનુગ્રહજ છે. તેથી તે પ્રસન્નતા માગવા અન્ય કંઇપણ ફલની અપેક્ષા રાખવામાં આવી નથી. એવો ભાવ અત્ર વિવક્ષિત છે. આમ કહેવાથી પુષ્ટિનું સૂચન કરવામાં આવ્યું છે.

इतिश्रीमद्वल्लभाचार्यान्वयगोस्वामि
श्रीमद्धरिरायजि विरचितो
ब्रह्मवादः समाप्तः

# શુદ્ધિપત્ર.

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૫ | ૬ | અથ | અર્થ. |
| ,, | ,, | તો તે | તે તો |
| ,, | ૮ | अभूडनार्व | अभूवं ना |
| ,, | ૧૭ | बदनं | वंदनं |
| ૮ | ૫ | ભિક્ત | ભક્તિ |
| ,, | ૯ | जनमाद्यस्य | जन्माद्यस्य |
| ૧૦ | ૧૮ | આનંરૂપ | આનંદરૂપ |
| ,, | ૭ | વિગેરે, | વિગેરે |
| ,, | ૧૬ | एतदात्मानो | एतदात्माना |
| ,, | ૧૮ | एतदात्माना | एतदात्माना |
| ,, | ૨૩ | श्रीमत् | श्रीमान् |
| ,, | ૧૩ | स्वयमकुरुत् | स्वयमकुरुत |
| ,, | ૧૬ | श्रु--नुं | श्रुतिनुं |
| ૧૫ | ૯ | प्रजायेव | प्रजायेय |
| ,, | ૧૯ | વલ્લીના | વલ્લીનો આરંભ |
| ૧૯ | ૫ | ઉપહાર | ઉપસંહાર |
| ૧૯ | ૨૦ | प्रत्यगात्मन | प्रत्यगात्मान |
| ૨૦ | ૧ | શત્યના | સત્યના |
| ૨૧ | ૪ | व्यतृणात् | व्यतृणत् |
| ,, | ,, | यराङ् | पराङ् |
| ,, | ૫ | સ્વયંભુ વેંદ્રીયોને | સ્વયંભુએ ઈંદ્રીયોને |
| ,, | ,, | કહે છે | કરે છે |

| | | | |
|---|---|---|---|
| ,, | ૧૪ | યથા | યથા |
| ૨૬ | ૮ | અસમંત | અસંમત |
| ,, | ૯ | કૃષ્ણં | કૃષ્ણ |
| ,, | ૧૮ | દ્રાષ્ટાંતિકને | દાર્ષ્ટાંતિકને |
| ૨૬ | ૭ | ઉતર | ઉત્તર |
| ,, | ૧૬ | असंदिग्धे | असंदिग्ध |
| ૨૭ | ૬ | અર્થના | અર્થની |
| ૨૯ | ૧ | ધારા છો | ધારો છો |
| ,, | ૧૧ | તેઓ અતઃકરણ | તેઓના અંતઃકરણ |
| ૩૧ | ૧૧ | हैतावानास् | हैतावानास |
| ,, | ૧૯ | प्राप्तुवंति | प्राप्नुवंति |
| ૩૨ | ૧૧ | ભુકતાધિક | મુકતાધિક |
| ૩૩ | ૬ | કરેલું છે. | કહેલું છે. |
| ,, | ૧૫ | શ્રીમત | શ્રીમાન્ |
| ૩૪ | ૧૯ | ઉપન્ન | ઉપપન્ન |
| ૩૫ | ૧૨ | આવેલા છે | આવેલો છે |
| ૩૯ | ૨૧ | કહેલો છે | કરેલો છે |
| ૪૦ | ૧ | અવગુણ | અને ગુણ |
| ,, | ૧૨ | નાનપણું | નાનાપણું |
| ,, | ૨૫ | महात्गनः | महात्मनः |
| ૪૧ | ૮ | એવો | એવો અર્થ |
| ,, | ૧૨ | દાષેના | દોષોના |
| ,, | ૧૭ | કારણકે | કારણકે તે |
| ૪૨ | ૧૪ | લૈકિક | લૌકિક |
| ૪૩ | ૨ | અલૈકિક | અલૌકિક |
| ૪૪ | ૨૪ | બને | બંને |
| ૪૫ | ૧ | માન્ય | સામાન્ય |

| | | | |
|---|---|---|---|
| ,, | ૩ | જોડ્ય | જોડાય |
| ,, | ૧૮ | દ્ંપતિ | દંપતિ |
| ૪૭ | ૩ | વસ્થુત: | વસ્તુત: |
| ,, | ૨૧ | પુન | પુન: |
| ૪૮ | ૪ | स्वमेयत्र | स्वयमेत्र |
| ૪૯ | ૩ | શમાધાન | સમાધાન |
| ૫૦ | ૨ | અનુપત્તિ | અનુપપત્તિ |
| ૫૧ | ૨૧ | તેવાજ | તેવીજ |
| ૫૩ | ૮ | નાર્ગ | માર્ગ |
| ,, | ૧૪ | ( અ ) ભેદ | અભેદ |
| ૫૪ | ૧૩ | ન ૂનાધિક | ન્યૂનાધિક |
| ,, | ૧૬ | તેથી | તેની |
| ,, | ૧૮ | અશોનો | અંશોનો |
| ૫૫ | ૩ | બધ | બંધ |
| ૬૦ | ૧૮ | ते | न |
| ૬૧ | ૬ | गतीम् | गतिम् |
| ૬૨ | ૩ | ગ ંધ | ગંધ |
| ૬૪ | ૧૪ | पशुघ्ना | पशुघ्नात् |
| ,, | ૧૬ | ते | न |
| ૬૭ | ૧૦ | नुक्ती | नुरक्ति |
| ,, | ૧૫ | કર્યા | કર્યો |
| ૬૯ | ૧૩ | ક્ષ ા | ક્ષતિ |
| ૭૦ | ૧૭ | સંદશના | સદંશના |
| ૭૧ | ૬ | સંશપ્ત | સંશયિત |